Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૮૧

## ધર્મીનું ચિત

હે જીવ! ત્રણલોકનો રાજા એવો પોતાનો આત્મા છે તેને તું આદરણીય જાણ; એ મહાસુંદર ને સુખરૂપ છે. જગતનો સર્વોત્કૃષ્ટ રાજા એવા આત્માને તું સ્વાનુભવગમ્ય કર. તારો આત્મરાજા જ તને આનંદ દેનાર છે, બીજું કોઈ તને આનંદ દેનાર નથી. આત્માનો આનંદ જેણે અનુભવ્યો છે તે ધર્માત્માનું ચિત્ત બીજે ક્યાંય ઠરતું નથી, ફરીફરીને આત્મા તરફ જ વળે છે. આત્માનું અસ્તિત્વ જેમાં નથી, આત્માનું સુખ જેમાં નથી, આત્માનું જીવન જેમાં નથી, એવા પરદ્રવ્યોમાં ધર્મીનું ચિત્ત કેમ ચોંટે? આનંદનો સમુદ્ર જ્યાં દેખ્યો છે ત્યાં જ ધર્મીનું ચિત્ત ચોંટયું છે.

卐

**તંત્રી** : જગજીવન બાવચંદ દોશી **સંપાદક** : બ્ર. હરિલાલ જૈન
**વીર સં.** ૨૪૯૩, ફાગણ ( લવાજમ : ત્રણ રૂપિયા ) **વર્ષ** ૨૪ : અંક ૫

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# એક મોટી દુકાન
## [ દુકાન જ્ઞાનીએ જોઈ ખરી, પણ લીધું નહીં કાંઈ ]

卐

એક મોટી દુકાનમાં અનેકવિધ તરેહતરેહનો માલ ભર્યો હતો. એક માણસે તે દુકાન જોઈ; બધું જોયા બાદ તેણે સન્તોષ વ્યક્ત કરીને જવા માંડયું. ત્યારે દુકાનદાર કહે છે કે કાંઈક ખરીદ તો કરો !

તે માણસે કહ્યુંઃ ભાઈ, તમારી દુકાન સારી છે પણ મારે આમાંથી કોઈ વસ્તુની જરૂર નથી, તેથી હું તે લઈને શું કરું.

તમે દુકાનની પ્રશંસા કરો છો પરંતુ ખરીદતા તો કાંઈ નથી ! –એમ કહ્યું, ત્યારે તે કહે છે કે સાંભળ ભાઈ !

ધારો કે તમે એક દવાની દુકાન જોવા ગયા, બધી જાતના રોગની ઊંચામાં ઊંચી દવાઓ ત્યાં જોઈને તમે સન્તોષ વ્યક્ત કર્યો. પરંતુ તમે તેમાંથી કોઈ જ દવા ખરીદ ન કરી, કેમકે તમને કોઈ જ રોગ ન હોવાથી તમારે દવાની જરૂર ન હતી. તો તે ઉત્તમ ? કે તમારે દવા લેવી પડે તે ઉત્તમ ?

દવા ન લેવી પડે તે ઉત્તમ, કેમકે તે નીરોગતા સૂચવે છે.

તેમ આ જગતરૂપી જે મોટી દુકાન, તે જડ–ચેતન સમસ્ત પદાર્થોથી ભરેલી છે, બધી વસ્તુઓ પોતપોતાના સ્વરૂપમાં શોભી રહી છે. ત્યાં જેને ઈચ્છારૂપી રોગ લાગુ પડયો છે તે તો પરપદાર્થોને સુખહેતુથી ગ્રહણ કરવા માંગે છે. પણ જ્ઞાની તો કહે છે કે હું મારા સ્વરૂપથી પરિપૂર્ણ છું, મારા સ્વરૂપથી જ હું તૃપ્ત ને સંતુષ્ટ છું, ઈચ્છારૂપી રોગ જ મને નથી, પછી હું પરદ્રવ્યના ગ્રહણને શું કરું ? દવા ભલે ગમે તેવી ઊંચી હોય પણ જેને રોગ જ નથી તેને તેનું શું પ્રયોજન છે ? તેમ પદાર્થો ભલે ગમે તેવા હોય પણ જેને ઈચ્છા જ નથી તેને તેનું શું પ્રયોજન છે ? તે તો માત્ર જ્ઞાન કરીને જ સંતુષ્ટ થાય છે. તેનું જ્ઞાન નીરોગ છે–આકુળતા વગરનું છે; ને આવું નીરોગ–નીરાકુળ જ્ઞાન તે જ સુખ છે. જ્ઞાનમાં તૃપ્ત એવો તે જીવ જગતના પદાર્થોને જાણે છે પણ તેમાંથી કોઈને ગ્રહવા ઈચ્છતો નથી. પોતામાં જે અતૃપ્ત હોય તે જ બીજાને ગ્રહવા ઈચ્છે. પર ગ્રહણની જેને ઈચ્છા છે તે દુઃખી છે, સ્વરૂપમાં જે તૃપ્ત છે તે સુખી છે.

વાર્ષિક લવાજમ
ત્રણ રૂપિયા

વીર સં. ૨૪૯૩
ફાગણ

વર્ષ ૨૪ : અંક ૫

# સિદ્ધ પ્રભુજી ! આવો દિલમેં.......

## ( હિંમતનગરમાં અપૂર્વ મંગલાચરણ )

卐

તા. ૧૩–૨–૬૭ મહા સુદ ૪ ના રોજ હિંમતનગરમાં ભવ્યસ્વાગત બાદ પાંચેક હજાર માણસોની સભામાં **वंदित्तु सव्वसिद्धे**....... એ ગાથા દ્વારા ભાવભીનું મંગલાચરણ કરતાં ગુરુદેવે કહ્યું–જુઓ, અહીં માંગળિકમાં સિદ્ધ ભગવંતોની પ્રતિષ્ઠા કરે છે. સાધક પોતાના જ્ઞાનમાં સિદ્ધભગવંતોને સ્થાપીને ( પ્રતીતમાં લઈને ) કહે છે કે પ્રભો ! આવો...પધારો...મારા જ્ઞાનના આંગણે આપ બિરાજો.... સાધકપણાના મારા મંગલ ઉત્સવમાં આપને હું આમંત્રણ આપું છું. જેમ લગ્ન વખતે સાથે મોટા માણસોને તેડી જાય છે–જેથી વચ્ચે કાંઈ વિઘ્ન ન આવે. તેમ અહીં લગ્ન એટલે આત્માની લગની લગાડીને, સ્વરૂપની સંધિપૂર્વક સિદ્ધપદને સાધતાં સાધતાં સાધક પોતાની સાથે સાક્ષી તરીકે પંચપરમેષ્ઠી ભગવંતોને રાખે છે...પંચપરમેષ્ઠીને સાથે રાખીને અપ્રતિહતપણે મોક્ષલક્ષ્મીને વરે છે. જુઓ, આ પ્રતિષ્ઠા–મહોત્સવ છે, તેમાં મંગળ તરીકે અહીં આત્મામાં સિદ્ધ પ્રભુની પ્રતિષ્ઠા થાય છે. હે પ્રભો ! હું મારી મોક્ષલક્ષ્મીને સાધવા તૈયાર થયો છું તેમાં શુદ્ધાત્માની પ્રતીત કરીને, જ્ઞાનની નિર્મળદશામાં આપને સાથે રાખું

છું.....સ્વરૂપની રુચિના રંગથી મોક્ષને સાધવા જાગ્યો તેમાં હવે ભંગ પડે નહિ, એવું અફર માંગલિક છે. સાધક કહે છે કે–

ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું!
ભંગ મ પડશો હો પ્રીત જિનેશ્વર...
બીજો મનમંદિર આણું નહીં,
એ અમ કૂળવટ રીત જિનેશ્વર...

ધર્મ એટલે પંદરમા ધર્મનાથ ભગવાન, અથવા ધર્મ એટલે આત્માનો સ્વભાવ, તેને રંગથી સાધવા નીકળ્યો તેમાં હે નાથ! હવે ભંગ નહીં પડવા દઉં. જે શુદ્ધાત્માની રુચિ કરીને જ્ઞાનમંદિરમાં બિરાજમાન કર્યા, તેમાં હવે બીજા કોઈ રાગાદિ પરભાવને વચ્ચે નહીં આવવા દઉં...એ મારી ટેક છે. અનંતા તીર્થંકરો આ માર્ગે મોક્ષ પામ્યાં. હું પણ તેમના કૂળનો છું ને અમારા કૂળની ટેક છે કે શુદ્ધાત્માની રુચિ સિવાય બીજાની રુચિ ન થવા દઈએ. આવી ટેકથી હે નાથ! અનંત સિદ્ધભગવંતો જે રસ્તે ગયા તે રસ્તે હું પણ હાલ્યો આવું છું.

હે સર્વજ્ઞ અને સિદ્ધભગવંતો! આપ મારા જ્ઞાનમાં સમાઓ! એટલે કે રાગ જરા પણ ન રહો–એમ રાગથી તદ્ન ભિન્ન ચૈતન્યની રુચિ અને પ્રતીત વડે આત્મામાં સર્વજ્ઞની પ્રતિષ્ઠા કરું છું ને હે શ્રોતાઓ! તમે પણ તમારા જ્ઞાનમાં સર્વજ્ઞને સ્થાપીને આવા આત્માની રુચિ કરો...પ્રતીત કરો, આ રીતે આત્મામાં સર્વજ્ઞ–સિદ્ધોને ઓળખીને તેમનો આદર કર્યો –તે અપૂર્વ મંગળ છે.

– 卐 –

# ગુરુદેવની સાથે સાથે

## ( હિંમતનગરમાં પંચકલ્યાણક-મહોત્સવ )

આત્મધર્મના ગતાંકમાં સોનગઢથી રાણપુર સુધીના સમાચાર આપી ગયા છીએ. રાણપુરથી અમદાવાદ થઈને મહા સુદ ૪ ના રોજ ગુરુદેવ હિંમતનગર પધારતાં હજારો મુમુક્ષુઓએ ઉમંગભર્યું સ્વાગત કર્યું. બે હાથી સહિતનું આવું ઉલ્લાસભર્યું ભવ્ય સ્વાગત જોઈને આખી નગરી આશ્ચર્ય પામતી હતી. સ્વાગત સરઘસ મહાવીરનગરના પ્રતિષ્ઠામંડપમાં આવ્યું, ને ત્યાં પાંચેક હજાર માણસોની સભામાં ગુરુદેવે સિદ્ધ ભગવંતોને નિમંત્રીને અપૂર્વ માંગળિક કર્યું. ( જે આ અંકમાં આપ્યું છે. )

મહાવીરનગર–પ્રતિષ્ઠામંડપ ખૂબ જ શોભતો હતો. બાજુમાં સવાલાખ ઉપરાંતના ખર્ચે બંધાયેલું વિશાળ જિનમંદિર છે. અહીં જૈનભાઈઓની સોસાયટી બંધાતાં તેમને એવી ભાવના થઈ કે આપણા મકાનોની સાથે સાથે ભગવાનના દર્શન–પૂજન માટે એક જિનમંદિર પણ બંધાવવું જોઈએ. તે અનુસાર તેમણે સોસાયટીની જમીન સાથે જિનમંદિર માટેની જમીનની પણ માંગણી કરી. હિંમતનગરના રાજવીએ તેમની ભાવનામાં સાથ આપીને જિનમંદિર માટેનો પ્લોટ ભેટ તરીકે આપ્યો. ને તેમાં મુમુક્ષુઓએ ઉત્સાહપૂર્વક ભવ્ય જિનમંદિર બંધાવ્યું. –તેમાં પંચકલ્યાણક–પ્રતિષ્ઠામહોત્સવ પ્રસંગે પૂ. ગુરુદેવ હિંમતનગર પધાર્યા.

પ્રતિષ્ઠા–મહોત્સવના પ્રારંભમાં શાંતિજાપ, મંડપમાં પ્રભુને બિરાજમાન કરીને ઝંડારોપણ, તથા ૬૪ ઋદ્ધિધારી મુનિવરોનું પૂજન વગેરે વિધિઓ થઈ હતી. તા. ૧૫ ની રાત્રે પાર્શ્વનાથપ્રભુના ગર્ભકલ્યાણકનાં દ્રશ્યો થયા, ત્યારબાદ તા. ૧૬ મી એ કુમારિકા દેવીઓ દ્વારા વામાદેવી માતાની સેવા, તત્ત્વચર્ચા વગેરે દ્રશ્યો થયા. જન્માભિષેકના કળશોની ઉછામણી ઉલ્લાસકારી હતી. –અમે કળશ લીધા વગર રહી ન જઈએ–એવા ઉમંગથી બધાય ઝડપભેર કળશની બોલી લેતા હતા. ૧૦૮ કળશની બોલી પૂરી થતાં માત્ર ૨૦ મિનિટ લાગી હતી. –તે ઉપરથી તેની ઝડપનો ખ્યાલ આવશે. સાંજે ઉલ્લાસપૂર્વક વેદીશુદ્ધિ–મંદિર–કળશ–ધ્વજશુદ્ધિ થઈ હતી. દરેક વિધિમાં ૧૬ ઇન્દ્રો ને ૧૬ ઇન્દ્રાણીઓ ભાગ લેતા હતા. ઇન્દ્રો ઉપરાંત કેટલીક અગત્યની વિધિ

પૂ. બેનશ્રી–બેન ચંપાબેન–શાંતાબેનના પવિત્રહસ્તે થઈ હતી. રાત્રે અજમેરની ભજન–મંડળીએ ભજન–નૃત્ય કર્યા હતા. મહા સુદ ૭ (તા. ૧૭) ની સવારમાં પાર્શ્વનાથ ભગવાનના જન્મોત્સવનો આનંદકારી ઉત્સવ થયો. જ્યારે સભા આતુર હતી કે હવે શું બનશે? –ત્યાં તો અચાનક ઘંટનાદ થવા લાગ્યા, ચારેકોર દીપકો ઝગઝગી ઊઠયા, વાજાંથી મંડપ ગાજી ઊઠયો, શું થયું? શું થયું? કે કાશીનગરીમાં ભગવાન પાર્શ્વનાથ તીર્થંકરનો અવતાર થયો. સૌધર્મઇન્દ્રની સભામાં દેવો પ્રભુજન્મનો ઉત્સવ ઉજવી રહ્યા છે...૧૬ ઇન્દ્રો ને ઇન્દ્રાણીથી ભરપૂર ભવ્ય ઇન્દ્રદરબાર શોભતો હતો ને ચારેકોર જન્મોત્સવનો આનંદ છવાઈ ગયો હતો, દેવીઓ હર્ષથી મંગલવધાઈ ગાતી હતી. અહીં કાશીનગરીમાં પણ આનંદ છવાઈ ગયો હતો. કાશીના પંડિત ફૂલચંદજી પણ કાશીની રાજસભામાં આવી પહોંચ્યાં હતા. સૌધર્મઇન્દ્ર ઐરાવત લઈને આવી પહોંચ્યા ને શચીદેવીએ બાલતીર્થંકરને આનંદથી તેડીને ઇન્દ્રના હાથમાં આપ્યા; ઇન્દ્ર તેમને ગોદમાં લઈ ઐરાવત ઉપર સવાર કરી મેરુપર્વત ઉપર ચાલ્યા. પ્રભુની ભવ્ય સવારી આખી નગરીમાં ફરતી ફરતી મેરુપર્વતે પહોંચી. નગરજનો આશ્ચર્યપૂર્વક પ્રભુની સવારીને નીહાળી રહ્યા. લાંબી લાંબી સવારી મહાન આનંદ વ્યક્ત કરતી કરતી જે રસ્તે પસાર થાય તે રસ્તા ઘડીભર તો હજારો માણસોના આનંદકારી કોલાહલથી ગાજી ઊઠતા; નગરના અન્યમતિ પ્રેક્ષકો–તેઓ પણ માત્ર પ્રેક્ષકો જ નહોતા રહ્યા, પરંતુ અજમેરની ભજનમંડળીનું ભક્તિભીનું નૃત્ય દેખીને તેઓ એવા ઉલ્લાસમાં આવી જતા કે એના તાલની સાથે સાથે પોતે પણ નાચી ઊઠતા. સવારીમાં એક છેડેથી બીજા છેડા સુધી જ્યાં જુઓ ત્યાં પ્રભુના જન્મોત્સવના આનંદમાં ભક્તો નાચી ઊઠતા હતા. સવારી મેરુ પર્વતે પહોંચી ને આનંદપૂર્વક પ્રભુનો જન્માભિષેક થયો. એ જન્માભિષેક તીર્થંકરપ્રભુના અપાર મહિમાને પ્રસિદ્ધ કરતો હતો. મેરુપર્વત જાણે જોરશોરથી કોલાહલ કરીને એમ બોલતો હતો કે અરે મનુષ્યો, હું મોટો નથી, પ્રભુના મહિમા પાસે હું તો સાવ નાનો છું, મોટા મહિમાવંત તો આ ભગવાન છે કે જેઓ જગતના જીવોને મોક્ષનો માર્ગ દેખાડશે. આનંદપૂર્વક અભિષેક કરીને મંડપમાં આવ્યા ત્યારે ઇન્દ્રો અને ભક્તો અતિ ભક્તિપૂર્વક પ્રભુસન્મુખ નાચી ઊઠયા હતા. લગભગ પાંચ–છ હજાર માણસોએ પ્રભુના જન્મોત્સવનો આનંદ માણ્યો. ગુરુદેવના પ્રવચનમાં નગરના અનેક પ્રતિષ્ઠિત આગેવાનો પણ આવતા. બપોરના પ્રવચન પછી પ્રભુ પારસકુમારનું પારણાઝુલન આનંદપૂર્વક થયું હતું. તથા રાજસભાને માટે

૧૦૦ રાજાઓની ઉછામણી થઈ, સૌને રાજદરબારમાં બેસવાની એવી હોંશ કે ૧૦૦ રાજાઓની ઉછામણી તો એક ઘડીકમાં થઈ ગઈ ને વધુ ને વધુ માગણી પણ ચાલુ રહી. રાત્રે ૧૦૦ રાજાઓની ભવ્ય રાજસભા થઈ હતી. પિતાજી વગેરેએ લગ્ન માટે પારસકુમારને કહ્યું પણ વૈરાગી પારસકુમારે આયુ વગેરેની અલ્પતા જાણીને તેનો અસ્વીકાર કર્યો. બીજે દિવસે (મહા સુદ ૮) સવારમાં અયોધ્યાના રાજદૂત દ્વારા અયોધ્યાપૂરીનું ને ત્યાં થયેલા તીર્થંકરોનું વર્ણન સાંભળતાં પ્રભુને જાતિસ્મરણ સહિત વૈરાગ્ય થયો ને મુનિદશા લેવા તૈયાર થયા. લૌકાંતિક દેવોએ આવીને સ્તુતિ કરી તથા વૈરાગ્યને અનુમોદન આપ્યું...ને ઇન્દ્રો પ્રભુનો દીક્ષામહોત્સવ કરવા વનમાં લઈ ગયા. દીક્ષાયાત્રા ઘણી મહાન હતી; છ સાત હજાર ભક્તો પ્રભુની સાથે સાથે દીક્ષાવનમાં જઈ રહ્યા હતા. ॐ नमः सिद्धेभ्यः કહીને, કેશલોચ કરીને પ્રભુ દીક્ષીત થયા, ત્યારબાદ તે દીક્ષાવનમાં જ મુનિદશા પ્રત્યેની પરમભક્તિપૂર્વક પૂ. કાનજીસ્વામીએ પ્રવચનમાં એ દશાની ભાવનાનું ખૂબ ઘોલન કર્યું...મુનિદશાનો આવો મહિમા સાંભળતાં શ્રોતાજનો મુગ્ધ થઈ જતા હતા. દીક્ષા પછી મુનિભક્તિ થઈ હતી. દીક્ષાના આ વૈરાગ્ય પ્રસંગે અનેક ભાઈ–બહેનોએ બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરી હતી; તેમાં ફત્તેપુર દિ. જૈન પાઠશાળાના શિક્ષિકાબહેન લલિતાબેન (ઉ. વ. ૩૦) જેઓ બાલબ્રહ્મચારી છે–તેમણે પણ આજીવન બ્રહ્મચર્યપ્રતિજ્ઞા લીધી હતી. રાત્રે ચિત્રોદ્વારા પાર્શ્વનાથપ્રભુના પૂર્વભવોનું દિગ્દર્શન પં. શ્રી નાથુલાલજીએ કરાવ્યું હતું. વેર સામે ક્ષમાનું ઉત્તમ ઉદાહરણ પાર્શ્વનાથપ્રભુના જીવનમાં છે, ક્ષમાનો મહાન બોધ એ જીવન આપી રહ્યું છે. અનેક ભવ સુધી ક્રોધપૂર્વક ઉપસર્ગ કરવા છતાં અંતે પારસપ્રભુની પરમક્ષમા પાસે એ કમઠના ક્રોધની હાર થાય છે, ને ઘોરાતિઘોર ઉપદ્રવ સામે પણ અડગ આત્મધ્યાનમાં મગ્ન પાર્શ્વનાથપ્રભુ જ્યારે કેવળજ્ઞાન પામે છે ત્યારે કમઠનો જીવ (સંવરદેવ) ક્રોધ છોડી પશ્ચાત્તાપપૂર્વક પ્રભુ પાસે ક્ષમા માંગે છે ને અંતે ધર્મ પામે છે–'પારસના સંગે એ પથરો પણ સુવર્ણ બની જાય છે.' –પારસપ્રભુના જીવનના ક્ષમાપ્રેરક પ્રસંગો ધૈર્ય, ક્ષમા ને ધર્મદ્રઢતા જગાડતા હતા. –આઠદશ હજાર માણસોની સભા થતી હતી.

બીજે દિવસે ભગવાન પારસમુનિરાજના આહારદાનનો પ્રસંગ બન્યો; ભક્તોએ અત્યંત ભક્તિપૂર્વક આહારદાન દીધું ને બીજા ચાર–પાંચ હજાર ભક્તોએ અનુમોદન કર્યું. આહારદાનની ખુશાલીમાં એકકોર રત્નવૃષ્ટિ થઈ તો બીજીકોર દાનનો વરસાદ

વરસ્યો. બપોરે શ્રી જિનેન્દ્રભગવંતો ઉપર અંકન્યાસ થયા. ગુરુદેવે પણ જિનબિંબો ઉપર ભક્તિથી અંકન્યાસના મંત્રાક્ષર લખ્યા. લગભગ ૨૫ જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ. બપોરે કેવળજ્ઞાનકલ્યાણક તથા સમવસરણની રચના વગેરે થયું. રાત્રે ભક્તિ–ભજન વગેરે થયું.

મહા સુદ ૧૦ ની સવારમાં નિર્વાણકલ્યાણક વિધિ થઈ. તે પ્રસંગે સમ્મેદશિખર પર્વતની રચના, તથા તેના ઉપર પાર્શ્વપ્રભુ શુક્લધ્યાનમાં બિરાજી રહ્યા છે ને યોગનિરોધ કરીને નિર્વાણ પામે છે, ઇન્દ્રો નિર્વાણકલ્યાણકનો ઉત્સવ ઉજવે છે, તથા યાત્રિકો સમ્મેદશિખર તીર્થની યાત્રા કરે છે–એ બધા દ્રશ્યો જોતાં આનંદ થતો હતો. આ રીતે પાર્શ્વપ્રભુના જયકારપૂર્વક પંચકલ્યાણક પૂર્ણ થયા. –તે જગતને મંગલરૂપ હો.

પંચકલ્યાણક પૂર્ણ થતાં અત્યંત ભક્તિપૂર્વક ધામધૂમથી વાજતેગાજતે જિનભગવંતોને જિનમંદિરમાં પધરાવ્યા...એ પ્રસંગના આનંદમેળાનું દ્રશ્ય ઘણું ભવ્ય હતું. વીસ હજાર ઉપરાંત માણસોની ભીડ ચારેકોર ઉભરાતી હતી; હિંમતનગરની જનતાનો મોટો ભાગ પ્રભુપ્રતિષ્ઠાનો ઉત્સવ જોવા ઉમટયો હતો. મંગલપ્રતિષ્ઠાની મંગલ ઘડી આવી, ગુરુદેવે સુહસ્તે મંગલસ્વસ્તિક કર્યા ને પછી અત્યંત ભક્તિપૂર્વક પ્રભુચરણને હસ્ત લગાવીને પ્રતિષ્ઠાનો પ્રારંભ કર્યો. હજારો ભક્તોના હર્ષનાદથી મંદિર ગુંજી ઊઠયું, મંગલ વાજાં વાગવા માંડયાં, હેલિકોપ્ટરે પુષ્પવૃષ્ટિ કરીને આકાશ ગજાવી મૂક્યું. લગભગ બે કલાક સુધી આકાશમાંથી જિનમંદિર ઉપર પુષ્પવૃષ્ટિ થઈ, જાુદા જાુદા ભક્તજનો હેલિકોપ્ટરમાં બેસીને પુષ્પવૃષ્ટિ કરતા હતા–એ દ્રશ્ય દેખીને વાતાવરણ ઉત્સાહમય બની જતું હતું. તેમાંય જ્યારે પૂ. બેનશ્રી ચંપાબેન અને પૂ. બેન શાન્તાબેન એ બંને પવિત્ર બહેનોએ હેલિકોપ્ટરમાં બેસીને આકાશમાંથી જિનમંદિર ઉપર પુષ્પવૃષ્ટિ કરી...ત્યારે તો પ્રભુના કલ્યાણક પ્રસંગની રત્નવૃષ્ટિનાં દ્રશ્યો તાજા થતા હોય–એમ ભક્તો આનંદિત થતા હતા. વીસથી પચીસ હજાર જેટલા માણસોના અત્યંત ઉલ્લાસભર્યા વાતાવરણ વચ્ચે જિનેન્દ્ર ભગવંતોની પ્રતિષ્ઠા થઈ. મૂળનાયક ભગવાન મહાવીર પ્રભુની પ્રતિષ્ઠા ઝીંઝવાના ભાઈશ્રી પોપટલાલ હાથીચંદ તથા જાંબુડીના ભાઈશ્રી લીલાચંદ પદમશીએ ( રૂા. ૫૩૫૦૧ માં ઉછામણી લઈને ) કરી હતી. બાજાુમાં શ્રી ચંદ્રપ્રભ ભગવાનની પ્રતિષ્ઠા ( રૂા. ૧૮૫૦૧ માં ઉછામણી લઈને ) નનાનપુરના ભાઈશ્રી સોમચંદ હેમચંદે કરી હતી; પદ્મપ્રભુની પ્રતિષ્ઠા ( રૂા. ૧૮૫૦૧ માં ઉછામણી લઈને ) નનાનપુરના ભાઈશ્રી છબાલાલ નેમચંદે કરી હતી. અને ઉપરના

ભાગમાં શાંતિનાથપ્રભુના ખડ્ગાસન પ્રતિમાજીની પ્રતિષ્ઠા (રૂા. વીસહજાર ને એકમાં ઉછામણી લઈને) તલોદના ભાઈશ્રી કોદરલાલ હાથીચંદે કરી હતી. આ ઉપરાંત બીજા ભગવંતોની તેમ જ જિનવાણી માતાની અને મંદિરના કલશ–ધ્વજની ઉછામણી પણ બીજા ભાઈઓએ ઘણા ઉત્સાહપૂર્વક લીધી હતી. આમ ઘણા જ ઉત્સાહપૂર્વક સૌએ પ્રતિષ્ઠામાં ભાગ લીધો હતો. જિનબિંબપ્રતિષ્ઠા પછી જિનમંદિર ઉપર સવાપાંચ ફૂટ જેટલો ઉન્નત સોનેરી કળશ તથા ધ્વજ ચઢાવવામાં આવ્યા...ને કળશ–ધ્વજથી ભવ્ય જિનમંદિર ખૂબ જ શોભી ઊઠયું. આ બધી વિધિ દરમિયાન જિનમંદિરના શિખરની એકદમ નજીક આવીને હેલિકોપ્ટર–વિમાન આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કર્યા જ કરતું હતું...ને ભક્તો આનંદથી એ પુષ્પોને ઝીલવા પ્રયત્ન કરતા હતા.

પ્રતિષ્ઠા પછી મોટો શાંતિયજ્ઞ થયો ને બપોરના પ્રવચન પછી કાશીના પં. શ્રી ફૂલચંદજી શાસ્ત્રીએ તથા ઈન્દોરના પં. શ્રી બંસીધરજી શાસ્ત્રીએ શ્રદ્ધાંજલિ રૂપે પ્રવચન કર્યું. પંડિતજીએ ફરીને પણ કહ્યું કે જો જિનકા મત હૈ વોહી કાનજીકા મત હૈ, દિગંબર જૈનધર્મકી આપકે દ્વારા મહાન પ્રભાવના હૂઈ હૈ ઔર હો રહી હૈ. ત્યારબાદ ઉત્સવની પૂર્ણતાના ઉપલક્ષમાં ભગવાન જિનેન્દ્રદેવની ભવ્ય રથયાત્રા નીકળી હતી, ઘણા ઉલ્લાસપૂર્વક આખી નગરીમાં રથયાત્રા ફરી હતી, ને પારસપ્રભુના રથના સારથી તરીકે પૂ. શ્રી કહાનગુરુ શોભતા હતા. રથયાત્રાની શોભા જોવા આખું નગર ઉમટયું હતું. રાત્રે જિનમંદિરમાં ભક્તિ થઈ હતી.

આમ હિંમતનગરના મુમુક્ષુભાઈઓએ થોડી સંખ્યા હોવા છતાં મોટો પ્રતિષ્ઠામહોત્સવ ઉજવ્યો ને ઘણી હિંમતપૂર્વક સફળતાથી શોભાવ્યો. ગુજરાતના આસપાસના ઘણા મુમુક્ષુ ભાઈઓનો ખૂબ જ ઉમંગભર્યો સાથ ને સહકાર મળ્યો હતો. દેશભરમાંથી દશહજાર ઉપરાંત ભક્તજનોએ આવીને ઉત્સવને શોભાવ્યો હતો. ફત્તેપુરના ભાઈશ્રી બાબુભાઈએ પણ હરેક પ્રકારની વ્યવસ્થામાં દોરવણી આપીને સૌના ઉત્સાહમાં બળ પૂર્યું હતું.

બીજે દિવસે મહા સુદ બારસની સવારમાં જિનેન્દ્રભગવંતોના દર્શન–સ્તવન કરીને પૂ. ગુરુદેવે હિંમતનગરથી અમદાવાદ પ્રસ્થાન કર્યું. ત્યાંથી બપોરે સોનગઢ તરફ પ્રસ્થાન કર્યું... વચ્ચે ઓમકારનદી આવી. સોનગઢ જેમ જેમ નજીક આવતું ગયું તેમ તેમ શાંત હૃદયોર્મિઓ જાગવા લાગી....ચાર વાગે સોનગઢ આવ્યા...ગુરુદેવે

ભાવભીનાં હૃદયે સીમંધરનાથના દર્શન કર્યા...બે પંચકલ્યાણક પ્રતિષ્ઠા ને એક વેદી પ્રતિષ્ઠા કરીને બરાબર એક મહિને ફરી સોનગઢમાં સીમંધર પ્રભુને ભેટતાં ગુરુદેવનું ચિત્ત અનેરી શાંતિ અનુભવતું હતું ને સૌને લાગતું કે ભલે બધે ફરીએ...પણ અંતે સોનગઢ તો સોનગઢ જ છે...અહીં કોઈ જુદી જ શાંતિ લાગે છે. સાંજે ભાઈશ્રી હિંમતભાઈને ત્યાં ગુરુદેવનું આહારદાન થયું, બીજે દિવસે સવારમાં સોનગઢથી મંગલપ્રસ્થાન કરીને ગુરુદેવ ભાવનગર પધાર્યા.

## ભ...જ...ન

પ્રાચીન કવિ ‘ન્યામત’જી એક ભજનમાં કહે છે–

વિના સમકિત કે ચેતન જનમ વિરથા ગંવાતા હૈ।
તુઝે સમજાએં કયા મૂરખ! નહીં તું દિલમેં લાતા હૈ।
હૈ દર્શન–જ્ઞાન ગુણ તેરા, ઇસે ભૂલા હૈ ક્યોં મૂરખ?
અરે, અબ તો સમઝ લે તૂં, ચલા સંસાર જાતા હૈ।
તેરે મેં ઔર પરમાતમ મેં કૂછ નહીં ભેદ અય ચેતન!
રતન આતમ કો મૂરખ કાંચ બદલે ક્યોં બિકાતા હૈ?
(કવિએ ઠપકો આપીને સમ્યક્ત્વની કેવી પ્રેરણા કરી છે!)

## પરમ શાંતિ દાતારી

# અધ્યાત્મ ભાવના

(અંક ૨૮૦ થી ચાલુ) (લેખાંક ૪૭)

卐 卐

ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામી રચિત સમાધિશતક ઉપર પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.
(વીર સં. ૨૪૮૨, શ્રાવણ સુદ એકમઃ મંગળવારઃ સમાધિશતક ગા. ૮૧)

卐

હવે શિષ્ય પૂછે છે કે હે નાથ! આપે આત્મામાં સ્થિરતાનો અભ્યાસ કરવાનું કહ્યું પણ તે તો વ્યર્થ લાગે છે, આત્માના અભ્યાસમાં પરિપકવ થવાનો ઉદ્યમ કરવાની કાંઈ જરૂર લાગતી નથી, કેમ કે શરીર અને આત્મા ભિન્ન છે–એવી ધારણાથી અથવા એવું સાંભળવાથી અથવા સ્વયં બીજાને કહેવાથી જ મુક્તિ થઈ જશે! –પછી સ્થિરતાનો ઉદ્યમ કરવાનું શું પ્રયોજન છે? –શિષ્યના આવા પ્રશ્નના ઉત્તરમાં આચાર્ય પૂજ્યપાદ સ્વામી કહે છે–

शृण्वन्नप्यन्यत: कामं वदन्नपि कलेवरात्।
नात्मानं भावयेद्भिन्नं यावत्तावन्न मोक्षभाक्।८१।

દેહ અને આત્મા જુદા છે એમ વારંવાર ઈચ્છાપૂર્વક સાંભળવા છતાં, તથા બીજાને કહેવા છતાં, અને એવી ધારણા કરવા છતાં, જ્યાંસુધી પોતે અંતર્મુખ થઈને આ કલેવરથી ભિન્ન આત્માને ભાવતો નથી–અનુભવતો નથી ત્યાં સુધી જીવ મુક્તિ પામતો નથી.

દેહથી આત્મા જુદો છે–એવી વાણી ગુરુ પાસે લાખો વરસ સુધી સાંભળે અને પોતે પણ લાખો માણસોની સભામાં તેનો ઉપદેશ કરે, તે તો બંને પર તરફની આકુળવૃત્તિ છે. વાણી તો પર છે–અનાત્મા છે, તેના આશ્રયે આત્માની પ્રાપ્તિ થતી નથી. વાણી સાંભળવાનો ને કહેવાનો અભ્યાસ તે કાંઈ સ્વ–અભ્યાસ નથી, એટલે તે કાંઈ મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ તો સ્વ–અભ્યાસ છે; સ્વ–અભ્યાસ એટલે શું? જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને દેહથી ભિન્ન જાણીને, અંતર્મુખ થઈને વારંવાર એકાગ્રતાનો અભ્યાસ કરવો તેનું નામ સ્વ–અભ્યાસ છે, ને તે મોક્ષની પ્રાપ્તિનો ઉપાય છે. અંતર્મુખ થઈને આવી આત્મભાવના જે કરે તેણે શ્રીગુરુનો ઉપદેશ

ખરેખર સાંભળ્યો છે, કેમ કે શ્રીગુરુ પણ દેહથી ભિન્ન આત્માને જાણીને તેમાં જ અંતર્મુખ થવાનું કહે છે. બીજા પાસેથી શ્રવણનો શુભભાવ હો, કે બીજાને સંભળાવવાનો ભાવ હો, –તે કાંઈ સ્વ–અભ્યાસ નથી, તે તો રાગ છે. તે રાગની ભાવનાથી મોક્ષ માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે. કોઈ એમ માને કે "જગતના ઘણા જીવો જો અમારા નિમિત્તે ધર્મ પામતા હોય તો અમારે ભલે સંસારમાં થોડો વખત રહેવું પડે"–તો તે જીવ મોટો મૂઢ છે, તેને સ્વ–અભ્યાસની ભાવના નથી પણ પરને સમજાવવાની ને રાગની ભાવના છે, ઊંડે ઊંડે જગત પાસેથી ધર્મના બહાને માન લેવાની તેની ભાવના છે. 'અમારું ભલે ગમે તેમ થાય પણ અમારે તો બીજાનું હિત કરવું છે' –એવી વાત સાંભળીને સાધારણ લોકો તો ખુશી થઈ જાય કે વાહ! આને કેવી ભાવના છે! આ કેવા પરોપકારી છે! પણ જ્ઞાની કહે છે કે તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે, તેને હજી ભવભ્રમણનો ભય થયો નથી; અરે, મારો આત્મા આ ચારગતિના ભવભ્રમણથી કેમ છૂટે –એવી તેને દરકાર નથી; તેને પરને સમજાવવાની ભાવના છે પણ આત્માની ભાવના નથી. અરે, મારો આત્મા આત્માની ભાવના વગર અનાદિકાળની ચારગતિના ઘોર દુઃખ ભોગવી રહ્યો છે, તેનાથી હવે મારો છૂટકારો કેમ થાય? –એમ વિચારીને ધર્મી તો દેહાદિથી ભિન્ન પોતાના આત્માની જ ભાવના ભાવે છે, ને તેમાં જ એકાગ્ર થવાનો અભ્યાસ કરે છે. આત્મામાં એકાગ્રતાનો અભ્યાસ જ મોક્ષનું કારણ છે. એ સિવાય પરના અવલંબને શ્રવણ–મનન કે ધારણા તે મોક્ષનું કારણ નથી, તે તો માત્ર વિકલ્પ છે–રાગ છે. ને જો તે રાગથી સંવર–નિર્જરારૂપ ધર્મ થવાનું માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે; તેને રાગનો અભ્યાસ છે પણ આત્માનો અભ્યાસ નથી. અરે જીવ! શ્રવણ કરવાનો કે બીજાને શ્રવણ કરાવવાનો રાગભાવ તે આત્મા નથી ને વાણીનો ધોધ વછૂટે તેમાં પણ આત્મા નથી, આત્મા તો જ્ઞાનાનંદસ્વરૂપ છે, –એમ ઓળખીને અંતર્મુખ જ્ઞાનાનંદ સ્વભાવનો અનુભવ કર. જ્ઞાયકસ્વરૂપમાં જેટલી એકાગ્રતા કર તેટલું તારું હિત છે, ને તે જ મોક્ષનું કારણ છે. વાણી કે વાણી તરફનો વિકલ્પ તે કોઈ તને શરણરૂપ નહિ થાય. તીર્થંકર પરમાત્માની દિવ્યધ્વનિ ગણધરદેવ સાંભળે છતાં તેમને પણ તે વાણી તરફનો જે વિકલ્પ છે તે તો રાગ છે, તે કાંઈ ધર્મ નથી; પણ અંતરમાં રાગરહિત વીતરાગી લીનતા વર્તે છે તે જ ધર્મ છે ને તે જ મોક્ષનું કારણ છે. જુઓ, સંતો પોતે એમ કહે છે કે હે જીવ! અમારી વાણી તરફના વલણથી તારું હિત નથી, તારું હિત તારા જ્ઞાયકસ્વરૂપમાં વલણથી જ છે, માટે તું તારા સ્વભાવમાં અંતર્મુખ થઈને તેની શ્રદ્ધા–જ્ઞાન કર, ને તેનો વારંવાર અભ્યાસ કરીને તેમાં એકાગ્રથા, –આવા સ્વ–અભ્યાસથી જ તારી મુક્તિ થશે. ।। ૮૧।।

અંતરાત્માએ દેહથી ભિન્ન આત્માની કેવી ભાવના કરવી તે હવે કહેશે.

– – –

# મૂર્છિત આત્માને સજીવન કરનારી શક્તિ

**આત્માની જીવત્વ વગેરે શક્તિઓના વિવેચન દ્વારા ગુરુદેવે જ અદ્‌ભુત ‘આત્મવૈભવ’ દેખાડયો છે, તેનો થોડોક નમૂનો જિજ્ઞાસુઓને જરૂર ગમશે. ( આત્મવૈભવ પુસ્તક ધીમે ધીમે છપાઈ રહ્યું છે.**

અહો, આત્માની શક્તિની આ વાત! –તે ઉત્સાહથી સાંભળતાં અનાદિની મૂર્છા ઊતરી જાય–એવી છે. પુરાણમાં વિશલ્યાની વાત આવે છે, –તે નજીક આવતાં જ લક્ષ્મણની મૂર્છા દૂર થવા લાગી; તેમ શલ્યરહિત એવી વિ–શલ્યા જ્ઞાનપરિણતિ જ્યાં પ્રગટી ત્યાં બધા ગુણોમાંથી મિથ્યાપણાની મૂર્છા ઊતરી ગઈ ને બધા ગુણો સ્વશક્તિની સંભાળ કરતા જાગ્યા. વિશલ્યા પૂર્વભવમાં ચક્રવર્તીની પુત્રી હતી; એકવાર જંગલમાં અજગર તેને ગળી ગયો; તેનું અડધું શરીર અજગરના મુખમાં ને અડધું બહાર હતું. અજગરના મોઢામાંથી તેને છોડાવવા ચક્રવર્તીએ ધનુષ્યબાણ તૈયાર કર્યા, પણ વિશલ્યાના જીવે તેને અટકાવતાં કહ્યું–પિતાજી! હું તો હવે બચવાની નથી, મારા ખાતર અજગરને ન મારશો. આ પ્રકારના શુભ પરિણામના ફળમાં તે વિશલ્યાને એવી ૠદ્ધિ હતી કે તેના સ્નાનના જળના છંટકાવથી ગમે તેવું વિષ કે મૂર્છા ઊતરી જાય. આ વિશલ્યા તે લક્ષ્મણની પત્ની થનાર હતી. જ્યારે રાજા રાવણ સાથેના યુદ્ધમાં રાવણની શક્તિના પ્રહાર વડે લક્ષ્મણ મૂર્છિત થઈને ઢળી પડયા ને ચારેકોર હા–હાકાર થઈ ગયો; રામચંદ્ર પણ હતાશ થઈ ગયા; હનુમાન વગેરે મોટામોટા વિદ્યાધર રાજકુમારો પણ બેઠા હતા. જો સવાર સુધીમાં આનો ઉપાય ન મળે તો લક્ષ્મણના જીવવાની આશા ન હતી. અંતે કોઈએ ઉપાય બતાવ્યો કે જો ‘વિશલ્યાદેવી’ ના સ્નાનનું જળ છાંટવામાં આવે તો લક્ષ્મણ બચી જાય. પછી તો તરત જ વિશલ્યાને તેડાવી; તે નજીક આવતાંવેંત લક્ષ્મણને લાગેલી રાવણની શક્તિ ભાગી, ને લક્ષ્મણજી પોતાની શક્તિ સહિત જાગ્યા. તેમ ચૈતન્યલક્ષણી લક્ષ્મણ એવો આ આત્મા, તે અનાદિથી નિજશક્તિને ભૂલીને મોહશક્તિથી બેભાન બન્યો છે, પણ જ્યાં શલ્યથી વિરહિત એવી નિઃશલ્ય–નિઃશંક શ્રદ્ધારૂપી સમ્યક્‌ત્વશક્તિ જાગી ત્યાં મોહશક્તિઓ ભાગી, ને ચૈતન્યલક્ષી ભગવાન આત્મા પોતાની અનંત

શક્તિઓનાં સમ્યક્ પરિણમનથી જાગી ઊઠયો. અજ્ઞાનમાં આત્મશક્તિ મૂર્છાઈ ગઈ હતી, પણ જ્ઞાનપરિણતિ શલ્યરહિત થઈને જ્યાં જાગી ત્યાં તો મૂર્છા ભાગી ને અનંતશક્તિના ટંકાર કરતો આત્મા જાગી ઊઠયો, ને પોતાની પ્રભુતાના સામર્થ્યથી વિભાવરૂપી રાવણનો નાશ કર્યો.

હે જીવ! આવી આત્મશક્તિઓ ઓળખાવીને સન્તો તને જગાડે છે. તારું આત્મદ્રવ્ય કોઈ બીજાના આધારથી ટકેલું નથી, પણ તારી પોતાની જીવત્વશક્તિથી જ તારું આત્મદ્રવ્ય ટકેલું છે. પોતાના ચૈતન્યમાત્ર ભાવને ધારણ કરવારૂપ જીવત્ત્વશક્તિથી આત્મા સદાય જીવપણે ટકે છે; આ જીવત્વશક્તિ આત્માને કદી અજીવ થવા દેતી નથી, તેને જીવપણે સદા જીવતો રાખે છે.

જ્ઞાન–દર્શન–સુખ ને સત્તા, તે આત્માના ભાવપ્રાણ કહેવામાં આવ્યા છે. આત્માના સ્વભાવમાં દ્રવ્ય–ગુણપણે તો તે ત્રિકાળ છે, ને પર્યાયમાં તે સમ્યક્પણે પ્રગટે તેની આ વાત છે. ત્રિકાળી સ્વભાવમાં છે તેનું લક્ષ કરતાં પર્યાયમાં પણ તેનું સમ્યક્પણે પરિણમન થઈ જાય છે. 'જ્ઞાનમાત્રભાવ' એટલે અનંત શક્તિવાળો આત્મા, તેની સન્મુખ થઈને તેનું જ્ઞાન કરતાં દ્રવ્ય–ગુણ જેવું જીવન પર્યાયમાં પ્રગટે છે. અનંતકાળથી પર્યાયમાં જે જીવન ન હતું તે પ્રગટયું, ને અનંતકાળથી જે ભાવમરણ થતું હતું તે ટળ્યું. અનંતાગુણો પર્યાયમાં જીવત્વરૂપ થયા, સમ્યક્પણે પ્રગટયા.

અહો, અંતરના પડખા ખોલીને ચૈતન્ય પરમાત્માને દેખવાની આ વાત છે. જેને આત્માની ગરજ હોય ને ભવનો ભય હોય તેને માટેની આ વાત છે. આત્મામાં ભરેલો સહજ અદ્ભુત ચૈતન્યવૈભવ ખુલ્લો કરીને સંતોએ આ સમયસારમાં દેખાડયો છે. જ્ઞાનની પર્યાયને અંતર્મુખ કરીને એ પરમ અદ્ભુત આત્મવૈભવ વેદાય છે.

**જાુઓ, આ વીતરાગી સન્તોની વાણી! આ 'આત્મભાષા' છે. ભાષા તો જોકે જડ છે પણ આત્માના અનુભવનું નિમિત્ત લઈને નીકળેલી સન્તોની ભાષા તે 'આત્મભાષા' છે. આત્માનું ભાન થતાં બધા ગુણોમાં નવું જીવન પ્રગટયું, અનંતગુણો જીવતા થયા. પહેલાંય તે હતા તો ખરા પણ દ્રષ્ટિ વગર તેનું ફળ આવતું ન હતું, હવે તેનું સમ્યક્પરિણમન થતાં ફળ આવ્યું. એટલે નિર્મળ પર્યાય પ્રગટી તેમાં આત્માનું ખરૂં જીવન છે.**

# ભગવાન ઋષભદેવ

## તેમના પવિત્ર જીવનની આનંદકારી કથા

ભગવત્ જિનસેનસ્વામી રચિત મહાપુરાણના આધારેઃ લે. બ્ર. હરિલાલ જૈન

( લેખાંક ૧૧ )

**ભગવાન ઋષભદેવની પાવન જીવનકથા ચાલી રહી છે; દશ ભવ સુધી ધાર્મિક સંસ્કારો વડે આત્માને સાધતા સાધતા અંતિમ અવતારમાં તીર્થંકરપણે જન્મ્યા છે. હવે ભગવાનના રાજ્યકાળનું તથા દીક્ષાપ્રસંગનું ભાવભીનું વર્ણન આપ અહીં વાંચશો. આ ફાગણમાસમાં જ આ દીક્ષાપ્રસંગ બન્યો હતો.**

ભગવાન ઋષભદેવનું કુલ આયુ ચોરાશીલાખ પૂર્વનું હતું; તેમાંથી કુમારકાળના વીસલાખ પૂર્વ પૂરા થયા. તે વખતે કાળના પ્રભાવથી ( –ત્રીજો આરો પૂરો થઈને ચોથો આરો નજીક આવતો હતો તેથી ) કલ્પવૃક્ષો સુકાવા માંડયા, તેમની શક્તિ ઘટી ગઈ, વગર વાવ્યે જે અનાજ ઊગતા તે પણ દુર્લભ થઈ ગયા ને પ્રજામાં રોગ વગેરે થવા લાગ્યા; તેથી ભયભીત થઈને જીવવાની આશાથી પ્રજાજનો નાભિરાજા પાસે આવ્યા. અને નાભિરાજાએ તેમને ભગવાન ઋષભદેવ પાસે મોકલ્યા.

સનાતન–ભગવાનના શરણે આવીને પ્રજાજનો કહેવા લાગ્યા કે હે દેવ! પિતાસમાન અમારું પાલન કરનારાં કલ્પવૃક્ષો હવે નષ્ટ થઈ ગયાં, ભૂખ–તરસ ને ઠંડી–ગરમીના અનેક ઉપદ્રવ થવા લાગ્યા; તો આ ઉપદ્રવથી અમારી રક્ષા થાય ને અમારી આજીવિકા ચાલે એવો ઉપદેશ આપો, ને અમારા પર પ્રસન્ન થાઓ.

પ્રજાનાં દીનવચનો સાંભળીને ભગવાનના હૃદયમાં દયા જાગી, તેમણે ભયભીત પ્રજાને આશ્વાસન આપ્યું ને મનમાં વિચારવા લાગ્યા કે, કલ્પવૃક્ષો નષ્ટ થતાં અહીં હવે ભોગભૂમિનો કાળ પૂરો થઈને કર્મભૂમિ શરૂ થઈ છે. તેથી અસિ–મસિ–કૃષિ ( અર્થાત્ રક્ષણ–વેપાર–ખેતી –લેખન ) વગેરે કાર્યોની તથા જુદા જુદા ગામ–ઘર વગેરેની જેવી રચના પૂર્વ અને પશ્ચિમ વિદેહક્ષેત્રમાં વર્તે છે તેવી અહીં પ્રવર્તાવવી યોગ્ય છે–જેથી લોકોનું રક્ષણ અને આજીવિકા સુખપૂર્વક થાય.

એમ વિચારીને ભગવાને ઇન્દ્રને યાદ કર્યા કે તરત જ ઇન્દ્રો અને દેવો આવી પહોંચ્યા, અને ભગવાનની આજ્ઞા મુજબ ઉત્તમ મુહૂર્તમાં સૌથી પહેલાં માંગલિક કાર્ય કરીને અયોધ્યાપુરીની વચમાં મોટા જિનમંદિરની રચના કરી, તથા ચારે દિશામાં પણ એકેક જિનમંદિરની રચના કરી. પછી સુકૌશલ, અવંતી, વત્સ, પંચાલ, માલવ, રમ્યક, કુરુ, કાશી, કલિંગ, અંગ, બંગ, કાશ્મીર, કચ્છ, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, વિદર્ભ, કુરુજાંગલ, કોંકણ, વનવાસ, આંધ્ર, કર્ણાટ, કૌશલ, કેરલ, શૂરસેન, વિદેહ, સિન્ધુ, ગાંધાર, કમ્બોજ, કેકય વગેરે અનેક દેશોની તથા ગામ–નગરની રચના કરી. વિજયાર્ધપર્વતથી માંડીને દક્ષિણ છેડામાં લવણસમુદ્ર સુધીના તે દેશોમાં પ્રજાજનોને વસાવીને રાજવ્યવસ્થા કરી. ઇન્દ્રે પુર–નગરની રચના કરી તેથી ‘પુરંદર’ એવું તેનું નામ સાર્થક થયું.

ભગવાને પ્રજાજનોને શસ્ત્ર–લેખની–વિદ્યા–વેપાર–ખેતી અને શિલ્પ એ છ કાર્યો દ્વારા આજીવિકાનો ઉપદેશ આપ્યો, કેમકે ભગવાન હજી સરાગી હતા, વીતરાગ ન હતા. આ રીતે ભગવાને છ–કર્મના ઉપદેશવડે કર્મયુગનો પ્રારંભ કર્યો તેથી તેઓ ‘કૃતયુગ’ અથવા ‘યુગકર્તા’ કહેવાયા, ને તેઓ જ સૃષ્ટિના બ્રહ્મા કહેવાયા. એ સિવાય બીજાું કોઈ બ્રહ્મા કે સૃષ્ટિકર્તા નથી. આ બધી રચના અષાઢ વદ એકમના દિવસે થઈ. આ રચના વડે પ્રજાનું પાલન કર્યું તેથી ભગવાન ‘પ્રજાપતિ’ કહેવાયા. પ્રજા સુખથી રહેવા લાગી.

થોડા વખત પછી ઇન્દ્ર વગેરે દેવોએ આવીને ભગવાનને સમ્રાટપદે સ્થાપ્યા ને મોટો રાજ્યાભિષેક કર્યો; તેથી આખી પૃથ્વી પ્રભાવિત થઈ. તે વખતે અયોધ્યાપુરીની શોભા અદ્‌ભુત હતી. રત્નોની રંગોળીથી શોભતા શ્રેષ્ઠ આનંદ–મંડપમાં, તીર્થોના પવિત્ર જળથી ભરેલા સુવર્ણકળશવડે ભગવાનનો અભિષેક કર્યો. હિમવત્ પર્વત પરથી ગંગા અને સિંધુ નદીના જળની ધારા પડતી હતી તેને વચ્ચેથી જ, (જમીન પર પડયા પહેલાં) ઝીલીને તેનાવડે અભિષેક થયો હતો. શ્રી–હ્રી વગેરે દેવીઓ પણ પદ્મ વગેરે સરોવરમાંથી પવિત્ર પાણી લાવી હતી; લવણસમુદ્રનું શ્રેષ્ઠ જળ તેમજ નંદીશ્વરદ્વીપની નંદોત્તરા વગેરે વાવડીનું, ક્ષીરસમુદ્રનું, નંદીશ્વરસમુદ્રનું, ને અસંખ્ય યોજન દૂર એવા સ્વયંભૂરમણસમુદ્રનું પણ જળ સોનાના દિવ્યકળશોમાં ભરી ભરીને દેવો લાવ્યા હતા, ને તેનાવડે જગતગુરુ ભગવાન ઋષભદેવનો અભિષેક કર્યો હતો. ભગવાનનું શરીર તો સ્વયં પવિત્ર હતું; એટલે તે જળવડે ભગવાનનું શરીર પવિત્ર

ન્હોતું થયું પરંતુ ભગવાનના શરીરના સ્પર્શનવડે તે જળ પવિત્ર બન્યું હતું. આ ઋષભદેવ બધા રાજાઓમાં સૌથી શ્રેષ્ઠ રાજા છે એમ સ્વીકારીને નાભિરાજા વગેરે મોટા મોટા રાજાઓએ એક સાથે અભિષેક કર્યો, તેમજ અયોધ્યાના પ્રજાજનોએ પણ સરયૂનદીનું જળ ભરીને ભગવાનના ચરણોનો અભિષેક કર્યો. ભરતક્ષેત્રના વ્યન્તરદેવોના ઇન્દ્રોએ ( માગધદેવ વગેરેએ ) પણ 'આ ભગવાન અમારા દેશના સ્વામી છે' એમ સમજીને પ્રીતિથી અભિષેક કર્યો; અભિષેક પછી સ્વર્ગલોકથી લાવેલા વસ્ત્રાભૂષણ પહેરાવ્યા, અને નાભિરાજાએ પોતાના મસ્તક પરનો મહામુગટ ઉતારીને ભગવાનના મસ્તકે પહેરાવ્યો; ને ઇન્દ્રે 'આનંદ' નામના નાટકવડે પોતાનો આનંદ વ્યક્ત કર્યો.

ભગવાન ઋષભ–રાજાએ પ્રજાનું સારી રીતે પાલન કર્યું ને દરેક વર્ગ પોતપોતાને યોગ્ય કાર્યોદ્વારા આજીવિકા કરે એવા નિયમ બાંધ્યા, તથા પ્રજાના યોગ તથા ક્ષેમની ( એટલે કે નવીન વસ્તુની પ્રાપ્તિ તથા મળેલી વસ્તુનું રક્ષણ–તેની ) વ્યવસ્થા કરી; ને 'હા ! મા ! તથા ધિક્' એવા દંડની વ્યવસ્થા કરી. તથા હરિ ( હરિવંશ ) ,અકંપન ( નાથવંશ ), કાશ્યપ ( ઉગ્રવંશ ) અને સોમપ્રભ ( કુરુવંશ )–એ ચાર ક્ષત્રિયોને મહામાંડલિક રાજા બનાવ્યા, ને, તેમની નીચે બીજા ચાર હજાર રાજાઓ હતા. ભગવાને પોતાના પુત્રોને પણ યથાયોગ્ય મહેલ, સવારી વગેરે સંપત્તિ આપી. તે વખતે ભગવાને લોકોને શેરડીના રસનો ( ઈક્ષુ–રસનો ) સંગ્રહ કરવાનું કહ્યું તેથી તેઓ ઈક્ષ્વાકુ કહેવાયા.

ભગવાન ઋષભદેવનો રાજ્યકાળ ૬૩ લાખ પૂર્વનો હતો; પુત્ર–પૌત્રોની સાથે એટલો લાંબો કાળ જોતજોતામાં વીતી ગયો. ઇન્દ્ર તેમને માટે સ્વર્ગમાંથી પુણ્યસામગ્રી મોકલતો હતો.–આ સંસારમાં પુણ્યથી શું પ્રાપ્ત નથી થતું ? પુણ્ય વગર સુખસામગ્રી મળતી નથી. દાન, સંયમ, ક્ષમા, સન્તોષ વગેરે શુભ ચેષ્ટાવડે પુણ્યની પ્રાપ્તિ થાય છે. સંસારમાં તીર્થંકરપદ સુધીના ઉત્તમ પદની પ્રાપ્તિ પુણ્ય વડે જ થાય છે. હે પંડિતજનો ! શ્રેષ્ઠ સુખની પ્રાપ્તિ અર્થે તમે ધર્મનું સેવન કરો. વાસ્તવિક સુખની પ્રાપ્તિ થવી તે ધર્મનું જ ફળ છે. હે સુબુદ્ધિમાન ! તમે સુખ ચાહતા હો તો શ્રેષ્ઠ મુનિઓને ભક્તિથી દાન દો, તીર્થંકરોને નમસ્કાર કરીને તેમની પૂજા કરો, શીલ–વ્રતોનું પાલન કરો અને પર્વના દિવસોમાં ઉપવાસાદિ કરો, શાસ્ત્રસ્વાધ્યાય કરો...સાધર્મીની સેવા કરો.

આ રીતે, પૂર્વના આરાધકપુણ્યના પ્રતાપે સૂર્ય–ચંદ્ર વગેરે ઉત્તમ દેવ–દેવેન્દ્રો પણ જેમની આજ્ઞા શિરોધાર્ય કરતા હતા, પણ જેમના ઉપર કોઈની આજ્ઞા ચાલતી ન હતી એવા ભગવાન ઋષભદેવે અયોધ્યાના રાજસિંહાસન ઉપર આરૂઢ થઈને સમુદ્રપર્યન્ત સમસ્ત પૃથ્વીનું રાજ્ય કર્યું.

## વૈરાગ્ય અને દીક્ષા

અયોધ્યાનગરી...ને ફાગણ વદ નોમ...

ભગવાન ઋષભદેવનો જન્મદિવસ આનંદથી ઉજવાઈ રહ્યો છે. એ ઉત્સવમાં ભાગ લેવા ઈન્દ્ર પણ અપ્સરાઓને લઈને આવી પહોંચ્યા ને ભગવાનને પ્રસન્ન કરવા માટે નૃત્ય પ્રારંભ કર્યું. અપ્સરાઓનું અદ્‌ભુત નૃત્ય ભગવાન નીહાળી રહ્યા હતા.

એ વખતે ઈન્દ્રને વિચાર આવ્યો કે ભગવાન ઋષભદેવ તીર્થંકર થવા અવતર્યા છે ને ધર્મચક્રનું પ્રવર્તન કરનારા છે. તેમને આ રાજવૈભવમાં ૮૩ લાખ પૂર્વ તો વીતી ગયા; હવે આ રાજ્ય અને ભોગોમાંથી ભગવાન ક્યા પ્રકારે વિરક્ત થાય! આમ વિચારીને તે નૃત્યકારોમાં તેણે નીલાંજના નામની એક એવી દેવીને નીયુક્ત કરી કે જેનું આયુષ્ય થોડી ક્ષણોમાં જ પૂરું થવાનું હતું. તે નીલાંજના દેવી હાવ–ભાવસહિત ફૂદરડી નૃત્ય કરી રહી હતી, નૃત્ય કરતાં કરતાં જ તેનું આયુષ્ય પૂરું થતાં ક્ષણભરમાં તે અદ્રશ્ય થઈ ગઈ. વીજળીના ઝબકારાની માફક તે દેવી અદ્રશ્ય થતાં, રંગમાં ભંગ ન થાય તે માટે તરત જ ઈન્દ્રે એના જેવી જ બીજી દેવીને નૃત્યમાં ગોઠવી દીધી.–પરંતુ દિવ્ય જ્ઞાનવંત ભગવાન તે જાણી ગયા, ને સંસારની આવી અધ્રુવતા દેખીને તત્ક્ષણ જ ભવ–તન–ભોગથી અત્યંત વિરક્ત થયા ને વૈરાગ્યની બાર ભાવનાઓ ચિન્તવવા લાગ્યા.

અરે, આ જીવે સંસારમાં ચાર ગતિમાં ભયંકર દુઃખો ભોગવ્યા. આ મનોહર દેવીનું શરીર પળવારમાં નજર સામે જ નષ્ટ થઈ ગયું. આવું જે માયા–નાટક ઈન્દ્રે કર્યું તે ખરેખર તો મને પ્રતિબોધ પમાડવા માટે જ તે બુદ્ધિમાને યુક્તિ કરી છે. આ નીલાંજનાદેવીના દિવ્ય શરીરની જેમ જગતના બધા પદાર્થો ક્ષણભંગુર છે, એનાથી હવે મારે શું પ્રયોજન છે? એ ભોગોપભોગ તો ભારરૂપ છે. આવા અસાર સંસારને અને ક્ષણિક રાજભોગને ધિક્કાર હો. આ રાજભોગને ખાતર મારો અવતાર નથી, પરંતુ આત્માની પૂર્ણતાને સાધીને તીર્થંકર થવા મારો અવતાર છે.

આ પ્રમાણે વૈરાગ્યચિન્તનપૂર્વક ભગવાન આ અસાર સંસારથી વિરક્ત થયા, ને શીઘ્ર મુક્તિને સાધવા માટે ઉદ્યમી થયા. એ વખતે ભગવાનને એવી વિશુદ્ધી પ્રગટી–જાણે કે મુક્તિની સખી જ આવી પહોંચી. મોક્ષમાં જ જેમનું ચિત્ત લાગેલું છે એવા તે ભગવાનને આખું જગત શૂન્ય જેવું અસાર લાગતું હતું. ભગવાનના અંતઃકરણની સમસ્ત ચેષ્ટાઓ ઉપરથી ઇન્દ્રે અવધિજ્ઞાનવડે જાણી લીધું કે ભગવાન હવે સંસારથી વિરક્ત થઈ ગયા છે ને મુનિદશા માટે તત્પર થયા છે.

તરત જ બ્રહ્મસ્વર્ગમાંથી લોકાંતિક દેવો ભગવાનના તપકલ્યાણકની પૂજા કરવા ઊતર્યા; ને સ્તુતિપૂર્વક વૈરાગ્યનું અનુમોદન કર્યું. આઠ પ્રકારના તે લોકાન્તિકદેવો પૂર્વભવમાં સંપૂર્ણ શ્રુતજ્ઞાનના અભ્યાસી (શ્રુતકેવળી) હોય છે, ઘણા શાન્ત ને સર્વ દેવોમાં ઉત્તમ હોય છે, તથા એકાવતારી હોય છે, લોકનો અંત પામ્યા હોવાથી અથવા બ્રહ્મલોકના અંતમાં રહેતા હોવાથી તેઓ લોકાન્તિક કહેવાય છે. મુક્તિસરોવરના કિનારે રહેલા તે દેવો સ્વર્ગના હંસ જેવા છે. તેમણે આવીને કલ્પવૃક્ષનાં ફૂલોવડે ભગવાનના ચરણોમાં પુષ્પાંજલિ ચઢાવી ને સ્તુતિ કરી કે હે ભગવાન! મોહશત્રુને જીતવા માટે આપ ઉદ્યમી થયા છો તે એમ સૂચવે છે કે ભવ્યજીવો પ્રત્યે ભાઈપણાનું કાર્ય કરવાનો આપે વિચાર કર્યો છે. અર્થાત્ ભાઈની જેમ ભવ્ય જીવોની સહાયતા કરવાનો આપે વિચાર કર્યો છે. હે જ્યોતિસ્વરૂપ દેવ! અમે આપને સમસ્ત ઉત્તમ કાર્યોના કારણ સમજીએ છીએ. પ્રભો, કેવળજ્ઞાનના પ્રકાશવડે આપ અજ્ઞાનમાં ડુબેલા સંસારનો ઉદ્ધાર કરશો. આપે દેખાડેલા ધર્મતીર્થને પામીને ભવ્યજીવો આ દુસ્તર સંસારસમુદ્રને રમતમાત્રમાં તરી જશે. આપની વાણી ભવ્યજીવોના મનને પ્રફુલ્લિત કરશે. પ્રભો! આપ ધર્મતીર્થના નાયક છો. મોહરૂપી કીચડમાં ફસાયેલા આ જગતને ધર્મરૂપી હાથનો સહારો દઈને આપ શીઘ્ર ઉદ્ધાર કરશો. પ્રભો! આપ સ્વયંભૂ છો, મોક્ષનો માર્ગ આપે સ્વયં જાણી લીધો છે ને અમને બધાને પણ આપ તે મુક્તિમાર્ગનો ઉપદેશ દેશો. પ્રભો! અમે તો આપને પ્રેરણા કરનારા કોણ? આ તો માત્ર અમારો નિયોગ છે. આ ભવ્યચાતકો મેઘની માફક આપના ધર્મામૃતની રાહ જુએ છે. પ્રભો! અત્યારનો કાળ આપના ધર્મરૂપી અમૃતને ઉત્પન્ન કરવા માટે યોગ્ય છે, માટે હે વિધાતા! ધર્મની સૃષ્ટિ કરો. પ્રભો! અનેકવાર ભોગવાઈ ચુકેલા ભોગોને હવે આપ છોડો. ફરીફરીને ગમે તેટલી વાર ભોગવવા છતાં એ ભોગોના સ્વાદમાં કાંઈ નવીનતા આવી જતી નથી; માટે તે ભોગને છોડીને મોક્ષને માટે ઊઠો ને ઉદ્યમવડે મોહશત્રુને જીતો.

એ પ્રમાણે બ્રહ્મર્ષિ–દેવો વડે જેમની સ્તુતિ કરવામાં આવી તે ભગવાન ઋષભદેવે દીક્ષા ધારણ કરવામાં પોતાની બુદ્ધિ દ્રઢ કરી. કૃતાર્થ થયેલા લોકાંતિક દેવો હંસોની જેમ આકાશમાર્ગને પ્રકાશિત કરતા કરતા પોતાના સ્વર્ગમાં ચાલ્યા ગયા. તે જ વખતે આસન ડોલવાથી ઇન્દ્ર વગેરે દેવોએ ભગવાનના તપકલ્યાણકનો અવસર જાણ્યો ને સૌ તે ઉત્સવ કરવા અયોધ્યાનગરીમાં આવી પહોંચ્યા. ને ક્ષીરસમુદ્રના જળથી ભગવાનનો મહાઅભિષેક કર્યો. ભગવાન ઋષભદેવે ભારતવર્ષના સામ્રાજ્ય પર ભરતનો અભિષેક કર્યો ને બાહુબલીને યુવરાજપદ આપ્યું.

એક તરફ તો ભગવાનનો દીક્ષામહોત્સવ ને બીજી તરફ ભરતના રાજ્યાભિષેકનો ઉત્સવ,–એક સાથે આવા બે મહાન ઉત્સવોથી પૃથ્વીલોક અને સ્વર્ગલોક બંને હર્ષવિભોર બન્યા હતા. એકકોર તો ભગવાન કમ્મર કસીને રાજપાટ ત્યાગી તપસામ્રાજ્ય માટે કટિબદ્ધ થયા હતા ને બીજી તરફ બંને રાજકુમારોને પૃથ્વીનું રાજ્ય સોંપાતું હતું. એક તરફ તો દેવો ભગવાનના વનગમન માટે પાલખી તૈયાર કરતા હતા, બીજી તરફ કારીગરો ભરતના અભિષેક માટે મંડપ અને મહેલ બનાવતા હતા; એક તરફ તો ઇન્દ્રાણી રંગબેરંગી રત્નોના ચોક પૂરતી હતી, બીજી તરફ યશસ્વતી અને સુનંદાદેવી આનંદપૂર્વક રંગાવલીની રચના કરતી હતી. દિગ્કુમારીદેવીઓ મંગળદ્રવ્યો લઈને ઊભી હતી..ચારેકોર પડઘમ વગેરે મંગલ વાજાંના ઘમકાર થઈ રહ્યા હતા. આ રીતે કરોડો દેવો ને કરોડો મનુષ્યો એકસાથે બે ઉત્સવ ઉજવી રહ્યા હતા. અયોધ્યાનગરીમાં ચારેકોર આનંદ–આનંદ ફેલાઈ ગયો હતો. બે પુત્રોને રાજ્યભાર સોંપીને, તથા બાકીના ૯૯ પુત્રોને પણ રાજ્યનો અમુક ભાગ આપીને, દીક્ષા માટે ભગવાન એકદમ નીરાકુળ થઈ ગયા હતા; સંસાર સંબંધી કોઈ ચિન્તા તેમને રહી ન હતી.

નાભિરાજા વગેરે પરિવારની વિદાય લઈને, ઇન્દ્રે રચેલી સુદર્શન નામની સુંદર પાલખી ઉપર ભગવાન જ્યારે આરૂઢ થયા, ત્યારે અત્યંત આદરપૂર્વક ઇન્દ્રે તેમને પોતાના હાથનો સહારો આપ્યો હતો. ભગવાન ઋષભદેવ પહેલાં તો પરમ વિશુદ્ધતા પર આરૂઢ થયા હતા ને પછી પાલખી પર આરૂઢ થયા હતા, તેથી તે સમયે ભગવાન એવા લાગતા હતા – જાણે કે ગુણસ્થાનોની શ્રેણી ચડવાનો જ અભ્યાસ કરતા હોય. ભક્તિપૂર્વક ભગવાનની પાલખી લઈને પ્રથમ તો રાજાઓ સાત પગલાં ચાલ્યા, પછી વિદ્યાધરો આકાશમાર્ગે સાત પગલાં ચાલ્યા, ને ત્યારબાદ દેવો અત્યંત હર્ષપૂર્વક

ખભે પાલખી લઈને શીઘ્ર આકાશમાં ચાલ્યા. અહા, ભગવાનના મહિમાની શી વાત! કે એ પ્રસંગે દેવોના અધિપતિ ઇન્દ્રે પોતે પણ ભગવાનની પાલખી ખભે લીધી હતી. ભગવાન પાલખીમાં આરૂઢ થયા તે વખતે ઇન્દ્રના કરોડો દુંદુભી વાજાં વાગતા હતા. અદ્‌ભુત વૈભવથી શોભતા ભગવાન ઋષભદેવ આખા જગતને આનંદિત કરતા થકા અયોધ્યાપુરીની બહાર નીકળ્યા...તે વખતે વૈરાગ્ય ભરેલા તેમના નેત્રોની ચેષ્ટા અત્યંત પ્રશાંત હતી; અસંગ–વૈરાગ્યદશાને શોભે એવી તેમના અંગ–ઉપાંગની ચેષ્ટા હતી.

ભગવાન આ શું કરી રહ્યા છે ને દીક્ષા એટલે શું? તેના અજાણ પ્રજાજનો ભગવાનને પ્રાર્થના કરતા હતા કે–હે દેવ! આપ આપનું કાર્ય પૂર્ણ કરીને વેલાવેલા અમને દર્શન દેવા પધારજો. પ્રભો, આપ મહા ઉપકારી છો, હવે અમને છોડીને બીજા કોનો ઉપકાર કરવા આપ જઈ રહ્યા છો?

નગરજનો એકબીજા સાથે વાત કરતા હતા કે આ દેવો ભગવાનને પાલખીમાં ક્યાંક દૂરદૂર લઈ જાય છે, પરંતુ શા માટે લઈ જાય છે તે આપણે જાણતાં નથી; કદાચ ભગવાનની એવી જ કોઈ ક્રીડા હોય! અથવા, પહેલાં તેમનો જન્મોત્સવ કરવા માટે ઇન્દ્રો તેમને મેરુ ઉપર લઈ ગયા હતા ને પાછા આવ્યા હતા,–એવો જ કોઈ પ્રસંગ ફરીને આપણા મહાભાગ્યથી બનતો હોય!–તો તે કોઈ દુઃખની વાત નથી. અહા, ભગવાનના પુણ્ય કોઈ મહાન, વચનાતીત છે. આવા આશ્ચર્યકારી દ્રશ્યો અમે કદી જોયા નથી. ભગવાન જ્યારથી આ પૃથ્વી ઉપર અવતર્યા છે ત્યારથી અવારનવાર દેવોનું આગમન થયા જ કરે છે.

ભગવાન હવે સંસારથી અત્યંત વિરક્ત થઈને, રાજવૈભવને તરણાં સમાન માની રહ્યા છે. મસ્ત હાથીની માફક સ્વતંત્રતાનું સુખ પ્રાપ્ત કરવા માટે ભગવાન હવે વનમાં પ્રવેશ કરી રહ્યા છે. ભગવાનની આ યાત્રા તેમને સુખ દેનારી છે. તેઓ વનમાં રહેશે તો પણ સુખ તેમને સ્વાધીન છે. ભગવાનનો જય હો...ભગવાન વિજય પામો...ને ફરી વહેલા પધારીને અમારી રક્ષા કરો. આ રીતે દીક્ષા પ્રસંગના જાણકાર તેમજ અજાણ બધા લોકો ભગવાનની સ્તુતિ કરતા હતા. તથા મહાત્મા ભરત સોનું, હાથી, ઘોડા વગેરેનું મહાન દાન દેતા હતા. યશસ્વતી, સુનંદા વગેરે સ્ત્રીઓ તથા મંત્રીગણ ભગવાનની પાછળ પાછળ જતા હતા ને તેમની આંખમાંથી આંસુ વહેતા હતા. મહારાજા નાભિરાજ તથા માતાજી મરુદેવી પણ

સેંકડો રાજાઓ સાથે ભગવાનના તપકલ્યાણકનો ઉત્સવ જોવા માટે પાછળ–પાછળ જઈ રહ્યા હતા. સમ્રાટ ભરત અને તેના ભાઈઓ પણ મોટી વિભૂતિ લઈને ભગવાનની પાછળ જતા હતા. ભગવાન આકાશમાં એટલે ઊંચે ગમન કરતા હતા કે જ્યાંથી લોકો તેમને બરાબર જોઈ શકે.

અયોધ્યાથી થોડે દૂર સિદ્ધાર્થક નામના વનમાં આવીને એક પવિત્ર શિલા ઉપર પ્રભુ બિરાજ્યા. ચન્દ્રકાન્તમણિની એ શિલા એવી શોભતી હતી–જાણે કે સિદ્ધશિલા જ દીક્ષાકલ્યાણક જોવા માટે નીચે ઊતરી હોય! એના પર આશ્ચર્યકારી મંડપ અને રત્નોની રંગોળી હતી. એ શિલા જોતાં, જન્માભિષેક વખતની પાંડુકશિલાની શોભા ભગવાનને યાદ આવી. ભગવાન જગતના બંધુ હોવા છતાં સ્નેહબંધનથી રહિત હતા. દીક્ષા પહેલાં ભગવાને દેવ–મનુષ્યોની સભાને યોગ્ય ઉપદેશવડે સંબોધીને પ્રસન્ન કરી. અને દીક્ષા માટે પહેલાં જો કે બંધુવર્ગને પૂછ્યું હતું, તોપણ અત્યારે ફરીને ગંભીરવાણીથી પૂછીને સંમતિ લીધી.



કોલાહલ દૂર થયો ને એકદમ શાન્તિ પ્રસરી ગઈ, ત્યારે ગંભીર મંગલનાદ સાથે ભગવાને અન્તરંગ અને બહિરંગ પરિગ્રહ છોડી દીધો. આત્માની, દેવોની અને સિદ્ધોની સાક્ષીપૂર્વક સમસ્ત પરિગ્રહ છોડીને ભગવાન મુનિ થયા, પૂર્વદિશાસન્મુખ પદ્માસન લગાવી, સિદ્ધપરમેષ્ઠીને નમસ્કાર કરીને, પંચમુષ્ઠિથી કેશલોચ કર્યો. દિગંબર રૂપધારક ભગવાન જિનદીક્ષા લઈને સમસ્ત પાપોથી વિરક્ત થયા ને સમભાવરૂપ ચારિત્ર (સામાયિક) ધારણ કર્યું. જે તિથિએ જન્મ્યા તે જ તિથિએ, ફાગણ વદ નવમીની સાંજે ભગવાને મુનિદશા ધારણ કરી.

**ભરતક્ષેત્રના આદ્યમુનિરાજ એવા શ્રી ઋષભમુનિરાજને નમસ્કાર હો.**

બાહ્યપ્રવૃત્તિ વડે તારી અધિકતા નથી,
તું જેટલો અંદર સમા, તેટલી તારી અધિકતા છે.

# હિંમતનગરમાં સંવરધર્મ

**હિંમતનગર (ગુજરાત) માં પંચકલ્યાણક-પ્રતિષ્ઠામહોત્સવ નિમિત્તે પૂ. ગુરુદેવ આઠ દિવસ (મહા સુ. ૪ થી ૧૧) પધાર્યા હતા; તે દરમિયાન સમયસારના સંવર અધિકાર ઉપર જે પ્રવચનો થયા-તેનો એક ભાગ.**

આ આત્મા અસંખ્યપ્રદેશી ઉપયોગસ્વરૂપ વસ્તુ છે. રાગાદિ પરભાવો તે ખરેખર આત્માના ચૈતન્યક્ષેત્રનો પાક નથી; ચૈતન્યક્ષેત્રમાં તો જ્ઞાનના ને આનંદના પાક પાકે એવો એનો સ્વભાવ છે. આવા આત્માને જેણે જાણ્યો તેને અનંત ભવનું મૂળ એક ક્ષણમાં છેદાઈ ગયું.

પ્રભુ, આત્માનું હિત કરવા માટે આ ઊંચો અવસર છે. વિકારનો જેમાં સ્પર્શ નથી–એવો જે ભૂતાર્થ આત્મસ્વભાવ ઉપયોગસ્વરૂપ છે, તે જ ધર્મીને ધ્યાનનું ધ્યેય છે, સમ્યગ્દ્રષ્ટિનું ધ્યાન ખાલી હોય નહીં; એના ધ્યાનમાં આનંદના તરંગ ઉલ્લસે છે. તારે આત્માને ધ્યાનમાં લેવો હોય તો અચ્છિન્નપણે રાગથી ભિન્ન ઉપયોગની ભાવના કર. ભેદજ્ઞાનની અચ્છિન્ન ભાવના વડે શુદ્ધાત્માનું ધ્યાન અને સંવર થાય છે. –એનું નામ ધર્મ છે.

રાગની ભાવના કરે તેને તો આસ્રવની ભાવના છે; તે તો રાગની રુચિમાં અટકે છે; એટલે રાગ અને જ્ઞાનનું ભેદજ્ઞાન નહિ હોવાથી તે બંધાય છે. રાગ અને જ્ઞાનની અત્યંત ભિન્નતાની ભાવના વડે ભેદજ્ઞાન કરવું, તે ભેદજ્ઞાન જ સિદ્ધિનો ઉપાય છે. ભાઈ, આવું ભેદજ્ઞાન નિરંતર ભાવવા યોગ્ય છે; આ મનુષ્ય અવતારમાં ને આવા સત્સમાગમમાં અપૂર્વ ભેદજ્ઞાનનો અવસર તને મળ્યો છે. તેથી કહે છે કે અરે! આવો અવસર આવ્યો છે તો–

હે આત્મા! તું ચૂકીશ મા!<br>
વાલીડા મારા! તું ચૂકીશ મા!<br>
આ અવસર તું ચૂકીશ મા!<br>
સાથીડા મારા તું ચૂકીશ મા!

આવો મોંઘો અવસર અનંતકાળે મળ્યો છે, તેમાં આત્માના ભવનો અંત કેમ આવે ને મોક્ષસુખ કેમ પ્રગટે–એવો ઉપાય કરજે.

ભગવાન પાર્શ્વનાથ પ્રભુએ આવો આત્મા સાધ્યો ને તીર્થંકર થઈને આવો ઉપયોગસ્વરૂપ આત્મા જગતને દેખાડયો. તેનું જ્ઞાન કરવું તે સંવરધર્મ છે.

# ‘ભાવ-નગર’ માં મંગલ પ્રવચન

**જ્ઞાન-આનંદ વગેરે શુદ્ધ ચૈતન્ય ‘ભાવ’ થી ભરેલા નગરમાં વસવું-તે મંગળ છે.**

- 卐 -

ભાવનગરના મંગલ પ્રવચનમાં ‘ભાવનગર’ નો અર્થ સમજાવતાં પૂ. ગુરુદેવે કહ્યું કે ‘ભાવ’ એટલે જ્ઞાન–આનંદ વગેરે અનંત સ્વભાવોથી ભરેલો આત્મા, તેનું જ્ઞાન કરીને તેમાં વસે એટલે કે જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનું ભાન કરે તે ‘ભાવ–નગર’ માં આવ્યો, બાકી તો બધા ભાનવગરના છે. ‘નગર’ તેને કહેવાય કે જેમાં કાંઈ કર ન હોય (ન કર) કાંઈ ઊપાધિ ન હોય, પર ભાવનો બોજો ન હોય; આવા શુદ્ધ ચૈતન્યભાવથી ભરેલું જે નગર, એવા ‘ભાવનગર’ ને ઓળખવું, ને રાગથી ભિન્ન થઈને તેમાં વસવું તે મંગળ છે. તે મમ્–ગલ એટલે મમતારૂપી પાપને ગાળનાર છે ને ‘મંગલ’ એટલે સુખને લાવનાર છે તેથી તે ‘ભાવ’ ને મંગળ કહે છે. મંગળ કહો કે ધર્મ કહો, કેમ કે ધર્મ તે જ જગતમાં ઉત્કૃષ્ટ મંગળ છે. આવો મંગળભાવ પ્રગટ કરવા માટે આત્માનું સ્વરૂપ ઓળખવું જોઈએ. તે કઈ રીતે ઓળખાય? એટલે કે શાસ્ત્રભાષામાં જેને ભેદજ્ઞાન અથવા આત્મઅનુભવ કહે છે–તે કેમ થાય? તેની આ વાત છે.

આ આત્મા દેહથી જુદું અરૂપી તત્ત્વ છે, તે જ્ઞાનસ્વરૂપ છે. જેમ લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાશ ભરેલી છે, તેમ દરેક આત્મામાં સર્વજ્ઞ થવાની ને પૂર્ણ આનંદ પ્રગટ કરવાની તાકાત શક્તિરૂપે ભરેલી છે, પણ પોતે પોતાની શક્તિને, પોતાની પ્રભુતાને ભૂલીને રાગદ્વેષાદિ પરભાવોને જ નિજસ્વરૂપ માની રહ્યો છે, તેથી તે અજ્ઞાનભાવથી સંસારની ચારગતિમાં ભ્રમણ કરી રહ્યો છે, પણ આત્મા દેહથી પાર રાગથી પાર, શુદ્ધ ચૈતન્યસત્તાથી ભરપૂર છે. –એ જ મારું સ્વરૂપ છે. પુણ્યના શુભ, કે પાપના અશુભ એવા જે કોઈ રાગભાવો થાય તેનાથી જ્ઞાનતત્ત્વ જુદું છે, તે જ્ઞાનતત્ત્વને રાગથી ભિન્ન અનુભવતાં ભેદજ્ઞાનરૂપ ધર્મ થાય છે ને ભાવ–નગર એવું જે આત્માનું શુદ્ધસ્વરૂપ તેમાં આત્મા પ્રવેશે છે ને આનંદના ભાવને અનુભવે છે.

# જીવને નથી કંઈ ધ્રુવ; ધ્રુવ ઉપયોગ-આત્મક જીવ છે

**મહા સુદ દસમે જીપઅકસ્માતમાં ઇંદોરના બે ભાઈઓના સ્વર્ગવાસની જે કરુણઘટના બની, તે દિવસના પૂ. ગુરુદેવના વૈરાગ્ય ઉદ્ગાર-**

અરે, આ જીવન તો અનિત્ય છે–ક્ષણભંગુર છે; કઈ ક્ષણે એનો વિયોગ થશે! –એ ભગવાનના જ્ઞાનમાં ભાસ્યું છે, તેને ફેરવવા કોઈ સમર્થ નથી. સૂરજ ઊગે છે તે અસ્ત થાય છે; તેમ જન્મ તે મરણ સહિત જ છે. જુઓને, આજે જ ક્ષણભંગુરતાનો બનાવ બની ગયો. અનિત્ય સંસારમાં જીવને કોઈ શરણ નથી, ઉપયોગસ્વરૂપ એનો પોતાનો ધ્રુવ આત્મા જ એનું શરણ છે. આયુષ્ય પૂરું થાય ત્યાં ઇન્દ્રનો દેહ પણ ક્ષણમાં છૂટી જાય છે; ૮૪૦૦૦ અંગરક્ષક દેવોની ટૂકડી પણ એના મરણને રોકી શકતી નથી. શરણ તો જ્ઞાન છે, તે જ્ઞાનમાં મરણ નથી, જ્ઞાનમાં અકસ્માત નથી. આવા જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખ ભાઈ! તારું તો જ્ઞાન છે. શરીર તારું નથી. રાગ પણ તારું સ્થાયી ટકતું સ્વરૂપ નથી, તેને ટકાવી રાખવા માંગે–તે ટકી શકે નહિ. જ્ઞાનના સ્વાનુભવ વડે જ્ઞાની પર દ્રવ્યના હર્ષ–શોકને છોડે છે, જગતના પદાર્થોના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ કેવળજ્ઞાનમાં જણાય છે, કેવળજ્ઞાનની આણને કોઈ લોપી શકતું નથી, –આવી જગતની રાજનીતિ છે. પાણીમાં ઊઠેલો પરપોટો શું કાયમ રહેશે? નહીં. –તેમ આ વિકાર અને શરીરાદિ સંયોગ તે તો પરપોટા જેવા છે, તે ક્ષણિક છે, તેમાં જીવનું સાચું જીવન નથી. પારસ–ભગવાનને આજે કેવળજ્ઞાન થયું, તે જ આત્માનું ખરું જીવન છે. શાંત–વીતરાગ સ્વરૂપ આત્મા જ આ જગતમાં સાર છે, બાકી તો બધુંય અસાર–અસાર છે. બાપુ! સર્વજ્ઞદેવે તારો આત્મવૈભવ ખુલ્લો મૂક્યો, તે આત્મવૈભવને તું જાણ. બાકી તો જગતમાં બધું અસાર છે. બ્રહ્મદત્ત ચક્રવર્તી મરીને બીજી ક્ષણે સાતમી નરકે ગયો, ત્યાં મહા દુઃખ પામે છે, તેને ચક્રવર્તીનો વૈભવ નરકે જતાં રોકી ન શક્યો, શરણ તો પોતાનો આત્મવૈભવ છે, અનંતગુણરૂપ આત્મવૈભવ તે જ પોતાનો સાચો વૈભવ છે. આમ જાણી જગત પ્રત્યે વૈરાગ કરીને આત્માનું સ્વરૂપ ચિંતવવું જોઈએ. તો શોક રહે નહીં, ને આત્માનું કલ્યાણ થાય.

## આબુનગરીમાં ગુરુદેવ સમજાવે છે-

# મનુષ્યજીવનની મહત્તા

卐

**તા. ૨૭-૨-૬૭ ના રોજ આબુશહેરના ટાઉનહોલમાં મનુષ્યઅવતારની મહત્તાનું કારણ સમજાવતાં ગુરુદેવે કહ્યું કે-**

ભાઈ, આવો મનુષ્યદેહ મળ્યો છે, જ્ઞાનીઓ આ મનુષ્યભવને બીજા બધા કરતાં ઉત્તમ કહે છે. –તેને ઉત્તમ કહેવાનું કારણ એ છે કે ધર્મનું સાધન મુખ્યપણે આ મનુષ્યદેહમાં જ થાય છે. જો કે મનુષ્યોમાં કાંઈ બધાય મનુષ્યો ધર્મનું સાધન કરતા નથી, પણ જેઓ વિવેક-બુદ્ધિવાળા છે, સત્ય–અસત્યનો વિવેક કરીને સમજે છે, ને દેહાદિથી ભિન્ન ચૈતન્ય તત્ત્વને જાણે છે તે જ મનુષ્યો ધર્મને સાધે છે. બાકી તો મનુષ્યનું શરીર અનંતવાર મળી ચૂક્યું, પર દેહથી ભિન્ન આત્માને ન જાણ્યો તો તેને ખરેખર જ્ઞાનીઓ 'મનુષ્ય' નથી કહેતા, એ તો **'मनुष्यरूपेण मृगाः चरन्ति।' मन्यते ते मनुष्याः** એટલે કે જ્ઞાનાનંદસ્વરૂપ સિદ્ધસમાન આત્મા શું ચીજ છે તેને જે માને–જાણે –અનુભવે તે સાચો માનવ છે.' તેણે મનુષ્યપણાને સફળ કર્યું છે.

આચાર્યદેવ ઊંઘતા જીવોને જગાડીને કહે છે કે અરે જીવો! આત્મા તો સુખનું ધામ છે; આ દેહ કે રાગ–તેમાં તમારું પદ ખરેખર નથી, તમારું પદ તો ચૈતન્યમય છે, આનંદમય છે; તારા આવા પદનું મનન તો કર. આ મનુષ્યપણું પામીને તારા ચૈતન્યપદમાં આવી જા, બહારમાં સુખ માનીને બહારમાં ભટકે છે, તેને બદલે અંતરમાં તારા ચૈતન્યપદમાં આવી જા. નિજપદને ભૂલીને તું પર પદને પોતાનું માની રહ્યો છે ને તેમાં સૂતો છે, તેને બદલે હે જીવ! તું આ સ્થિર ચૈતન્યપદ તરફ આવ! તું જાગ, ને તારા શુદ્ધ ચૈતન્યપદને સંભાળ. –તારું એ પદ મહા આનંદમય છે. આવા તારા સ્વઘરમાં તું કદી આવ્યો નથી. માટે હવે તો તેને ઓળખીને નિજપદરૂપી સ્વઘરમાં આવ.

આવા નિજપદને સંભાળીને તેની શ્રદ્ધા–જ્ઞાન–રમણતા વડે ધર્મની સાધના કરવી–તેમાં જ આ મનુષ્યભવની મહત્તા છે. અને મનુષ્યપણું પામીને પણ જો આત્માની દરકાર ન કરી, ધર્મની સાધના ન કરી. તો એ મનુષ્યભવની શી કિંમત! પશુમાં ને એમાં શો ફેર? માટે જ્ઞાનીઓ કહે છે કે હે ભાઈ! આવું મોંઘું મનુષ્યપણું મળ્યું છે તો તેમાં હવે આત્માનું સ્વરૂપ વિચારજે, ને આત્માનું કલ્યાણ કેમ થાય–તેવો ઉદ્યમ કરજે. –એમાં જ મનુષ્યપણાની સફળતા છે.

# ગુરુદેવની સાથે સાથે

## સોનગઢ થી...........................જયપુર

જસદણમાં વેદીપ્રતિષ્ઠા, આંકડિયા તથા હિંમતનગરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠાના મંગલકાર્યો કરીને ગુરુદેવ મહા સુદ ૧૨ના રોજ સોનગઢ પધાર્યા...ને સોનગઢની શાંતિની સુગંધ લઈને બીજે દિવસે જયપુર–પ્રતિષ્ઠા ને સમ્મેદશિખરજી તીર્થની યાત્રા માટે મંગલ પ્રસ્થાન કર્યું. (તા. ૨૨ ફેબ્રુઆરી) સવારમાં 'ભાવનગર માં પ્રવેશ કર્યો, ભક્તોએ ભાવભીનું સ્વાગત કર્યું. ભાવનગરના મંગલપ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે આત્માના નિર્મળ ભાવોરૂપી જે નગરી, તેમાં પ્રવેશ કરવો તે મંગળ છે; ને એવા ચૈતન્યભાવની જેને ખબર નથી તે તો ભાન વગરના છે. ભાવનગરમાં દિગંબર જિનમંદિર પ્રાચીન છે, ત્યાં દર્શન–પૂજન કર્યા. તેમજ મંડપમાં (દશાશ્રીમાળીના વંડામાં) પણ સોનગઢથી સીમંધરપ્રભુજીને લાવીને બિરાજમાન કર્યા હતા. તેમની સન્મુખ દર્શન –પૂજન–ભક્તિ થતા હતા, તથા રત્નત્રય–પૂજન પણ થયું હતું. સોનગઢના સીમંધરનાથની પૂજા વખતે એમ થતું કે, ભક્તોના હૃદયના ભગવાન તો ભક્તોની સાથે જ હોય ને! (આ સીમંધરપ્રભુની પ્રતિમા પૂ. બેનશ્રી–બેન તરફથી પ્રતિષ્ઠિત થયેલ છે.) અહીં સં. ૧૯૮૬ માં (એટલે ૩૭ વર્ષ પહેલાં) ગુરુદેવ પધારેલા, તે વખતના કેટલાય સંસ્મરણો ગુરુદેવ તાજા કરતા હતા; તેમાં ખાસ કરીને પહેલવહેલા એક દિગંબર સાધુને જોવાનો પ્રસંગ અહીં બનેલો; તથા તે વખતે ગુરુદેવના પ્રવચનો સાંભળીને, પૂ. શ્રી ચંપાબેન (જેઓ તે વખતે માત્ર ૧૬–૧૭ વર્ષના હતા) તેઓ ઘરે જઈને તે પ્રવચનો લખી લેતા, ને ગુરુદેવે તે બેનને પહેલવહેલાં અહીં જોયા, જોતાં જ તેમને લાગ્યું કે આ બેન કોઈ અલૌકિક લાગે છે! –આ પ્રસંગને ગુરુદેવ ઘણીવાર ખૂબ ભાવપૂર્વક યાદ કરે છે. ને ગુરુદેવનો ૩૭ વર્ષ પહેલાંનો તે આભાસ પૂ. બેનશ્રી ચંપાબેને સંપૂર્ણ સત્ય સિદ્ધ કર્યો છે. આવા તો બીજા ઘણાય પવિત્ર સ્મરણો ગુરુદેવને જાગતા હતા. –એ ભાવનગરની વિશેષતા છે.

ભાવનગરના પ્રવચનમાં બે હજાર જેટલા ભાઈ–બેનો પ્રેમથી ભાગ લેતા હતા, ને પ્રવચન સાંભળીને પ્રસન્ન થતા હતા. ભાવનગરનું દૈનિકપત્ર 'સૌરાષ્ટ્ર સમાચાર' ગુરુદેવના પ્રવચનનો સાર હંમેશ પ્રગટ કરતું હતું. શેઠશ્રી વૃજલાલભાઈએ ગુરુદેવ

પ્રત્યે ખૂબ ભાવભીના ઉદ્‌ગારો વ્યક્ત કર્યા અને જનતાને ખાસ ભલામણ કરી કે વીતરાગધર્મની પ્રભાવના કરનારા અને અનાદિના મિથ્યાત્વનું ઝેર ઉતારી નાંખનારા આ સન્તને તમે ઓળખો, અને તેમનો લાભ લ્યો; અને ન ઓળખી શકો તોપણ તેનું બહુમાન કરો, અવર્ણવાદ તો ન જ કરો. ચારે દિવસ ઉત્સાહપૂર્વક હજારો માણસોએ પ્રવચનનો લાભ લીધો હતો. અને રવિવાર તા. ૨૬ ના રોજ જિનેન્દ્રભગવાનના દર્શન કરીને જયજયકારપૂર્વક અમદાવાદ તરફ પ્રસ્થાન કર્યું.

શ્રી જિનેન્દ્રપ્રતિષ્ઠા માટે અને તીર્થયાત્રા માટે ગુરુદેવ જેવા સન્તો સાથે પ્રસ્થાન કરતાં હર્ષ થતો હતો. સવાસો માઈલના પ્રવાસમાં સાથે ને સાથે રહેતી મોટરથી ગુરુદેવ સાથેના તીર્થપ્રવાસથી ભક્તોને આનંદ થતો હતો. આગળ જુઓ તો સન્ત, પાછળ જુઓ તો સન્તો, –એવા સન્તો સાથેના પ્રવાસથી કોને આનંદ ન થાય? અમદાવાદમાં બપોરે ૩ થી ૪ સો જેટલા મુમુક્ષુ ભાઈ–બહેનો આવેલા. તેમની સમક્ષ વિવિધ તત્ત્વચર્ચા ગુરુદેવે કરી હતી, તથા શ્રીમદ્ રાજચંદ્રજીની ખાસ શૈલી ઉપર પ્રકાશ પાડયો હતો. સાંજે અમદાવાદથી પ્રસ્થાન કરીને હિંમતનગર રાત રોકાયા હતા. ફરીને મહાવીરાદિ ભગવંતોનાં દર્શન કર્યા, ઉપરના ભાગમાં શાંતિનાથ પ્રભુજી સમીપનું ઉપશાંત વાતાવરણ ચિત્તમાં શાંતિ પ્રેરતું હતું. હજી તો પાંચ દિવસ પહેલાં તા. ૨૦ મી એ પુષ્પવૃષ્ટિ કરતા હેલિકોપ્ટરના ગગનભેદી અવાજથી અને ૨૦–૨૫ હજાર માણસોના હર્ષનાદથી ગાજતું આ મહાવીરનગર આજ કેટલું બધું શાંત દેખાતું હતું! એવા શાંત વાતાવરણમાં રાત્રે ભક્તિ તથા ચર્ચા ચાલી. સવારમાં પ્રભુજીના દર્શન કરીને આબુ તરફ પ્રસ્થાન કર્યું. વચ્ચે ઈડર આવ્યું–શ્રીમદ્ રાજચંદ્રજીએ જ્યાં આત્મસાધના કરી એવા આ ઈડરના પહાડોને જોતાં તેમનું જીવન સ્મરણમાં આવતું હતું. આ પહાડને અર્ધ પ્રદક્ષિણા કરીને આગળ જતાં પહાડી રસ્તે પ્રવાસ કરીને ગુજરાતની હદમાંથી રાજસ્થાનની હદમાં પ્રવેશ્યા, ને દસ વાગે આબુ પહોંચ્યા...સ્વાગત પૂર્વક જિનમંદિરમાં દર્શન કર્યા. બપોરે ટાઉનહોલમાં પ્રવચન હતું. તેમાં, મોક્ષને સાધવો તે જ માનવદેહની વિશેષતા છે–એ વાત સમજાવી હતી. સાંજે આબુથી પ્રસ્થાન કરીને શિરોહી આવ્યા, ને બીજે દિવસે સવારમાં શિવગંજ થઈ પાલી ગામે આવ્યા. ગુરુદેવે જેમની પાસે સ્થાનકવાસી–દીક્ષા લીધી હતી તે હીરાચંદજી મહારાજનું આ વતન હતું તેથી તે સંબંધી સ્મરણો ગુરુદેવ યાદ કરતા હતા... હીરાચંદજી મહારાજ ગુરુદેવને ઘણીવાર ‘જૈનશાસનનો સ્થંભ’ થવાનું કહેતા; અને એમની એ આગાહી

ગુરુદેવે સાચી જ પાડી છે. પાલીમાં સવારે પ્રવચન તથા જિનમંદિરના દર્શન કરીને બપોરે સોજત ગામે આવ્યા; ત્યાં બપોરે પ્રવચન થયું. બીજે દિવસે (તા. ૧ માર્ચ) કિસનગઢ આવ્યા; સ્વાગત પછી મંગલ પ્રવચન કરતાં ગુરુદેવે કહ્યું કે સિદ્ધભગવંતોનું સ્વાગત કરવું એટલે કે તેમને ઓળખીને આત્મામાં પધરાવવા–તે માંગળિક છે. જેને જેનું બહુમાન આવે તેનું તે સ્વાગત કરે છે; સાધકને શુદ્ધઆત્માનું બહુમાન છે તેથી તે સિદ્ધ પદનું સ્વાગત કરે છે. એ સિવાય બીજાનો–રાગનો, અલ્પતાનો તે આદર કરતો નથી. બપોરે સમયસારના પહેલા કળશ ઉપર પ્રવચન કરતાં કહ્યું કે આત્માનું શુદ્ધ સ્વરૂપ તે સાર છે–કે જેને જાણતાં જાણનારને સુખનો અનુભવ થાય છે. બપોરે તથા રાત્રે જૈન વિદ્યાલયમાં વિદ્યાર્થીઓનો કાર્યક્રમ, તેમ જ સંગીત મંડલ તરફથી પાર્શ્વનાથ–ઉપસર્ગના દ્રશ્યનો કાર્યક્રમ હતો. ઘોર ઉપસર્ગ અને પાર્શ્વપ્રભુનું ધૈર્ય, તથા ધરણેન્દ્ર અને પદ્માવતીની પ્રભુ પ્રત્યેની ભક્તિ–એ દ્રશ્ય ભગવાનના જીવનમાંથી ઉત્તમ પ્રેરણાઓ આપતું હતું.

શેઠ શ્રી લાડુલાલજીને ત્યાં ઘરચૈત્યમાં બિરાજમાન મહાવીર ભગવાનના તેમ જ બીજા જિનમંદિરોમાં બાહુબલી વગેરે ભગવંતોનાં દર્શન કર્યા. બીજે દિવસે સવારમાં કુચામન તરફ પ્રસ્થાન કર્યું.

કુચામનમાં જિનમંદિરમાં પ્રભુના દર્શન કર્યા પછી ગુરુદેવનું ભવ્ય સ્વાગત થયું. ઠાઠમાઠ સહિત ઉલ્લાસભર્યું સ્વાગત જોઈને સૌ હર્ષિત થયા. ઊંટ–હાથી–ઘોડા, બેન્ડવાજાં, ભજનમંડળી, પાઠશાળાના બાળકો, ભવ્ય રથમાં જિનવાણી, બીજા રથમાં જિનેન્દ્રદેવ, એવા ઠાઠમાઠ સહિત ત્રણચાર હજાર માણસોએ ઉમંગથી સ્વાગત કર્યું. સ્વાગત દરમિયાન નગરીમાં રત્ન અને પુષ્ટિવૃષ્ટિ કરવા માટે દિલ્હીથી વિમાન આવવાનું હતું પરંતુ ત્યાંના ખરાબ હવામાનને કારણે રવાના થઈ શક્યું ન હતું. બપોરના પ્રવચનમાં તો ચાર પાંચ હજાર માણસોએ શાંતિથી પ્રવચન સાંભળ્યું હતું ને પ્રસન્ન થયા હતા. હજારો માણસો બહારગામથી ઊંટીયાગાડી વગેરેમાં આવ્યા હતા. બપોરે તેમજ રાત્રે ભક્તિનો કાર્યક્રમ હતો. એક દિવસમાં તો ઉત્સવ જેવું વાતાવરણ સર્જાઈ ગયું હતું. અહીં બીજા ત્રણ ચાર વિશાળ જિનમંદિરો છે, –પ્રાચીન સોનેરી કારીગરીથી ને પંચકલ્યાણક વગેરે દ્રશ્યોથી મંદિરો સુશોભિત છે.

મહા વદ ૮ (તા. ૩) કુચામનથી લાડનુ આવ્યા. વછરાજજી શેઠનું આ ગામ –જેમણે સોનગઢમાં ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમ બંધાવી આપેલ છે. લાડનુમાં પ્રવેશતાં

મંગલપુરામાં જિનેન્દ્રદેવનાં દર્શન કર્યા ને ભાવસ્વાગત થયું. મંગલપુરામાં વછરાજજી શેઠનો વિશાળ આશ્રમ છે. ત્યારબાદ નગરીમાં પ્રવેશીને સુખદેવ આશ્રમમાં અનેક જિનબિંબોના દર્શન કરતાં ખૂબ આનંદ થયો. વીસ લાખ રૂા. ના ખર્ચે થયેલ શેઠ વછરાજજી અને તેમના ભાઈઓએ બંધાવેલ આ મનોરમ્ય વિશાળ રચનામાં પ્રવેશતાં વેંત જ ચોકમાં ઊભેલા ધ્યાનસ્થ બાહુબલી ભગવાન સૌનું ધ્યાન ખેંચે છે ને અદ્‌ભુત જીવનઆદર્શ દેખાડીને મુમુક્ષુને તૃપ્ત કરે છે. પછી માનસ્તંભ ઓળંગીને મંદિરજીમાં પ્રવેશતાં જ સુવર્ણપ્રતિમા જેવી એક ભવ્ય પ્રતિમા આપણી આંખદ્વારા ઝડપથી હૃદયમાં પ્રવેશી જાય છે–એ છે ભગવાન આદિનાથ! હર્ષથી આદિનાથપ્રભુના દર્શન કરીને જરાક આસપાસમાં નજર કરતાં જ એકબાજુ ભગવાન ભરતેશ્વર ને બીજી બાજુ ભગવાન બાહુબલીના વિશાળ પ્રતિમાજીના દર્શન થાય છે.–આમ ગુરુદેવ સાથે પિતા–પુત્રોની ત્રિપુટીનાં દર્શન કરતાં પૂ. બેનશ્રીબેન વગેરે સૌને ઘણો આનંદ થયો. ઘણા આનંદથી દર્શન–પૂજન કર્યા. ગુરુદેવનો ઉતારો પણ આ આશ્રમમાં જ હતો. ગુરુદેવ લાડનુ પધારવાથી શ્રી વછરાજજી શેઠને તેમજ મનફૂલાદેવીને ઘણો હર્ષોલ્લાસ થયો, ને તેઓ ખૂબ લાગણીવશ બની ગયા હતા. ગુરુદેવે સિદ્ધોની સ્થાપનાનું સુંદર મંગલાચરણ સંભળાવ્યું, મંગલાચરણ બાદ ભવ્ય જિનમંદિરમાં પૂ. બેનશ્રી–બેને આદિનાથ ભગવાનનું સમૂહપૂજન ભાવપૂર્વક કરાવ્યું. ભક્તોએ બાહુબલિપ્રભુનો મસ્તકાભિષેક પણ કર્યો. ગુરુદેવ સાથે બડા મંદિરજીમાં તથા બીજા મંદિરોમાં દર્શન કરતાં આનંદ થયો. બડા મંદિરમાં પ્રાચીન પ્રતિમાઓ તેમજ કારીગરીવાળું તોરણદ્વાર ખાસ દર્શનીય છે. આ તોરણ અનુસાર જ બીજું તોરણ આરસનું લગભગ વીસ હજાર રૂા. ના ખર્ચે કરાવેલું છે. અહીં ૨૭ વખત તો પંચકલ્યાણક–મહોત્સવ થયા છે–એ આ નગરીનું એક ગૌરવ છે. અને સુખદેવ આશ્રમની વિશાળતા, શાંત વાતાવરણ અને ભવ્યજિનબિંબોના દર્શન–તે આ નગરીના ગૌરવમાં ઓર વધારો કરે છે. વારંવાર જિનેન્દ્રભગવંતોના દર્શન કરતાં દિલ તૃપ્ત થતું હતું. બપોરે પ્રવચનમાં પણ હજાર ઉપરાંત માણસો આવ્યા હતા. પ્રવચન પછી તેમજ રાત્રે જિનમંદિરમાં ભક્તિ થઈ હતી. રાત્રે સેંકડો વીજળી પ્રકાશના ઝગઝગાટ વચ્ચે જિનમંદિરની ને બાહુબલીભગવાનની શોભામાં ઓર વૃદ્ધિ થાય છે. બીજે દિવસે જિનેન્દ્રદેવની રથયાત્રા સહિતનું ભવ્ય સ્વાગતસરઘસ આખી નગરીમાં ફર્યું હતું. બપોરે પ્રવચન પછી લાડનુ–જૈનસમાજ તરફથી ગુરુદેવને અભિનંદનપત્ર અપાયું હતું, અને બડામંદિરજીમાં ભક્તિ થઈ હતી; રાત્રે પણ ભક્તિ થઈ હતી. બે દિવસના

કાર્યક્રમ દરમિયાન શ્રી વછરાજજી શેઠે પણ ઉત્સાહથી ભાગ લીધો હતો. સોનગઢના બ્રહ્મચારીબહેનો પણ આવ્યા હતા. ને આનંદિત થયા હતા. તા. પ ની સવારે જિનેન્દ્રદેવના દર્શન કરીને લાડનુથી સીકર આવ્યા.

સીકરમાં ઉલ્લાસપૂર્ણ સ્વાગત બાદ મંગલ–પ્રવચન થયું. બપોરે અહીંના ૭ જિનાલયોના ગુરુદેવ સાથે દર્શન કર્યા. બપોરના પ્રવચન બાદ જિનમંદિરમાં ભક્તિ થઈ; તથા રાત્રે પોણી કલાક નિશ્ચય–વ્યવહાર વગેરે સંબંધમાં સુંદર તત્ત્વચર્ચા થઈ. બીજે દિવસે તા. ૬ માર્ચે સવારમાં સીકરથી જયપુર આવ્યા.

## જયપુર નગરીમાં ભવ્ય મહોત્સવ

જયપુર નગરીમાં ૫૧ દરવાજા, ૨ હાથી વગેરે દ્વારા ભવ્ય સ્વાગતની તૈયારીઓ હતી. પરંતુ રાજકીય કારણોસર તે દિવસોમાં ૧૪૪ મી કલમ ચાલતી હોવાથી સ્વાગતનું સરઘસ નીકળી શક્યું ન હતું. રામલીલા મેદાનમાં ભવ્ય સમિયાણામાં લગભગ પાંચ હજાર માણસો સ્વાગતનિમિત્તે એકઠા થયા હતા ને ત્યાં ગુરુદેવે માંગળિક સંભળાવ્યું હતું. वंदित्तु सव्वसिद्धे દ્વારા સિદ્ધભગવંતોના સ્વાગતરૂપ અપૂર્વ માંગળિક કર્યું હતું. ત્યારબાદ વચ્ચે ટોડરમલ સ્મારકભવન થઈ શેઠ પૂરણચંદજીના મકાનમાં ગુરુદેવનો ઉતારો હતો. બપોરે ૩ થી ૪ પ્રવચન તથા રાત્રે ભક્તિ તેમજ પંચકલ્યાણકની ફિલ્મનું પ્રદર્શન હતું. બીજે દિવસે પણ એ જ કાર્યક્રમ હતો. (વિશેષ માટે જુઓ પાનું ૩૪)

## ભક્ત અને ભગવાન

એક વાત આવે છે કે–સુરદાસ–ભક્તનો હાથ છોડીને શ્રીકૃષ્ણ એકવાર દૂર સંતાઈ ગયા; ત્યારે સુરદાસ કહે છે–હે હરિ! તમે હાથ છોડીને ભલે દૂર ગયા, પણ મારા હૃદયમાંથી દૂર નહિ જઈ શકો! તેમ સર્વજ્ઞભગવાનના ભક્તો કહે છે કે હે સીમંધરનાથ! અમે ભરતમાં, ને આપ વિદેહમાં,–ક્ષેત્રથી ભલે આપ દૂર વસ્યા, પણ અમારા અંતરમાંથી આપ જરાય દૂર નહિ રહી શકો. આપને ઓળખીને અમારા હૃદયમાં આપને પધરાવ્યા છે, તે કદી દૂર થવાના નથી.

# 卐 ચૈ ત ન્ય સ્વા દ 卐
## ( તા. ૩-૪ માર્ચ : લાડનુ શહેરના પ્રવચનની પ્રસાદી )

જીવે અનાદિકાળથી પોતાના શુદ્ધ જ્ઞાનસ્વરૂપનો અનુભવ કર્યો નથી, રાગથી ભિન્ન તેના સ્વાદને જાણ્યો નથી. તેણે અનાદિથી શું કર્યું? કે રાગના વિકારી સ્વાદને પોતાનો માનીને અનુભવ્યો છે. અહીં ભગવાન કુંદકુંદસ્વામી કહે છે કે ભાઈ, રાગનો સ્વાદ તે તારો સ્વાદ નથી, તારો સ્વાદ તો આનંદરૂપ છે, ચૈતન્યરૂપ છે. કુંદકુંદાચાર્યદેવ વિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્માના સમવસરણમાં પધાર્યા હતા, ને તેમની વાણી સાંભળીને તેમણે આ સમયસાર શાસ્ત્ર રચ્યું છે. તેમાં કહે છે કે આત્માના સ્વરૂપમાં જ્ઞાન–આનંદની પૂર્ણ તાકાત ભરી છે, તેના અનુભવ વિના તું રાગના સ્વાદને તારામાં મિશ્રિત કરી રહ્યો છે. જડનો સ્વાદ તો અત્યંત જુદો છે, ને રાગનો સ્વાદ પણ તારા ચૈતન્યના મધુર સ્વાદથી જુદો છે. અરે જીવ! આ તારા ચૈતન્યસ્વાદની વાત સંતો તને સમજાવે છે.–ભાઈ, બહારની ને રાગની વાત તો તેં અનંતવાર સાંભળી, તેનો પ્રેમ કર્યો, પણ ચૈતન્યની વાત તેં પ્રેમથી કદી સાંભળી નથી. માટે એવા દુર્લભ ચૈતન્યસ્વરૂપની વાત સમજવાનો આ અવસર છે. આત્માનું ભાન થતાં તે જ ક્ષણે અપૂર્વ આનંદનો અનુભવ થાય છે ને આત્મામાં મોક્ષના ભણકારા આવી જાય છે. આવા આત્મભાન વિના બીજું બધું એકડા વગરના મીંડાં જેવું વ્યર્થ છે. અશુભ ને શુભરાગની વાત તો અનંતકાળથી તેં સાંભળી છે ને અનુભવી છે, તેમાં કાંઈ ધર્મ નથી; પણ એ રાગથી પાર ચૈતન્યતત્ત્વ શું છે તેને અનુભવમાં લે તો અપૂર્વ ધર્મ થાય. એક ક્ષણનો ધર્મ જરૂર મોક્ષ આપે. પણ એ ધર્મની રીત શું છે તે જીવ સમજ્યો નથી ને રાગની ક્રિયાને ધર્મ માન્યો છે. ભાઈ, ધર્મ કહો કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર કહો, તેમાં તો આત્માનો અતીન્દ્રિય આનંદ છે. ધર્મીને આવા આનંદનો અનુભવ થાય છે. તારું આનંદમય નિજઘર–કે જેમાં રાગનો કદી પ્રવેશ નથી, તે નિજઘર સન્તો તને ઓળખાવે છે. અરે, આવું મનુષ્યપણું પામીને જો તેં તારું નિજઘર ન જોયું ને આત્મજ્ઞાન ન કર્યું તો તેં કાંઈ કર્યું નથી, તારું મનુષ્યપણું આત્મજ્ઞાન વગર નિષ્ફળ ચાલ્યું જશે. માટે, આત્માની રુચિ કરીને આ વાત સમજવા જેવી છે.




## ગતાંકના પ્રશ્નોના ઉત્તર

( ૧ ) બંધાયેલ ચારેકોર ફરે,

ને છૂટો એક ઠેકાણે સ્થિર રહે, –તે કોણ ?

તેનો જવાબ એ છે કે–જીવ જ્યારે કર્મથી બંધાયેલો હોય છે ત્યારે તે સંસારમાં ચારેકોર એટલે કે ચારે ગતિમાં ભમે છે, અને જ્યારે તે છૂટે એટલે કે મોક્ષ પામે ત્યારે તે સિદ્ધલોકમાં સદા સ્થિર રહે છે.

( ૨ ) ચાર અક્ષરનું શહેર તે **-જયપુર**

તે ઘણું રળિયામણું છે, જૈનધર્મની જાહોજલાલીથી ભરપૂર છે; મોક્ષમાર્ગ પ્રકાશકની રચના ત્યાં પં. ટોડરમલજીએ કરી છે તેથી તે મોક્ષમાર્ગપ્રકાશકની જન્મભૂમિ છે; તેમજ સમયસારની હિંદી ટીકા પણ જયપુરના પં. જયચંદજીએ કરી છે તેથી તેની પણ તે જન્મભૂમિ છે. આરસની મૂર્તિઓ જયપુરમાં બને છે તેથી સૌરાષ્ટ્રના જિનમંદિરોમાં ઘણાખરા ભગવંતો તે નગરીમાંથી આવ્યા છે. આ મહિને ત્યાં પં. ટોડરમલજી–સ્મારકભવનનું ઉદ્‌ઘાટન કરવા માટે, તથા સીમંધરપ્રભુની પ્રતિષ્ઠા કરવા માટે પૂ. ગુરુદેવ જયપુર પધાર્યા ને મોટા ઉત્સવ દ્વારા ઘણી ધર્મપ્રભાવના થઈ.–બંધુઓ આવી જયપુરનગરી જરૂર જોવા જેવી છે.

( ૩ ) ૨૪ તીર્થંકરોમાંથી 'મ' ઉપર નામવાળા ૩ ભગવાન છે–

મલ્લિનાથ, મુનિસુવ્રતનાથ અને મહાવીર.

જવાબ મોકલનાર સભ્યોને ધન્યવાદ!

## જવાબ મોકલનાર સભ્યોના નંબર

૧૦૪૯ ૬૪૦ ૪૩૧ ૪૩૨ ૩૨૦ ૫૨૯ ૩૨૧ ૧૫૬૫ ૩૩૯ ૩૭૮ ૧૩૨૧ ૩૭૭ ૧૮૫૦ ૭૧૦ ૭૧૧ ૧૬૪૮ ૩૨૨ ૮૪૬ ૧૦૦૨ ૧૧૭ ૪૦ ૩૧ ૫૮૨ ૪૯ ૧૭૭૧ ૩૪૭ ૩૪૬ ૬૬૬ ૬૬૭ ૨૬૨ ૭૧૪ ૩૬૯ ૧૦૦૫ ૧૭૭૨ ૨૭૬ ૬૧૯ ૧૬૬ ૩૯૩ ૩૯૨ ૧૧૭૩ ૯૦૯ ૧૧૬૫ ૧૧૬૬ ૫૩૩ ૫૩૪ ૩૨૦ ૧૪૩૪ ૧૮૨૩.

# અમને...ગમે

“તમને શું ગમે”–એ વાત બાલવિભાગના સભ્યોને પૂછી હતી; ઘણા સભ્યોએ ઉત્સાહપૂર્વક સરસ જવાબ લખ્યા છે. અમે વિચારેલો ટૂંકો જવાબ આ છે કે “–અમને ગમે આત્મા.” હવે બાલવિભાગના નાના–મોટા સભ્યોએ પણ પોતાને શું ગમે તે સંબંધી જે વિચારો લખ્યા છે. તે ઉપરથી બાળકોના હૃદયમાં કેવી સુંદર ભાવનાઓ રમી રહી છે તેનો ખ્યાલ આવે છે. કોઈ લખે છે–અમને આતમરામ ગમે, કોઈ લખે છે અમને મોક્ષ ગમે, કોઈ લખે છે કે અમને મુનિ થવું ગમે, કોઈ લખે છે કે સમ્યગ્દર્શન ગમે, તો કોઈ લખે છે–અમને બાલવિભાગ ગમે. આ ઉપરાંત બાલવિભાગમાં ઘણા બંધુઓના પત્રો આવ્યા છે, તેમના જવાબો વૈશાખ માસમાં પ્રગટ કરીશું. માટે સૌએ ધીરજ રાખવા વિનંતિ છે. બાલવિભાગ પ્રત્યે બાળકોનો ખૂબ પ્રેમ હોવાથી પોતાના પત્રના જવાબ માટે તેઓ ખૂબ આતુર રહે–એ સ્વાભાવિક છે, પરંતુ ગુરુદેવ સાથેના યાત્રાપ્રવાસમાં મહત્વના કાર્યક્રમોને લીધે આમાં પહોંચી શકાતું નથી. માટે બંધુઓ, બે મહિના ધીરજ રાખજો. આનંદથી ધાર્મિક અભ્યાસ કરજો. આત્મધર્મમાં યાત્રાપ્રવાસનું થોડું થોડું વર્ણન આવે છે તે આનંદથી વાંચજો. તમે પત્ર લખવો હોય તો ખુશીથી ( સોનગઢના સરનામે ) લખજો. તમને ધાર્મિક ઉત્સાહ આપવા માટે જ આપણો બાલવિભાગ છે. –जय जिनेन्द्र

## અમને...ગમે

“તમને શું ગમે ?” તેના જવાબમાં નીચેનું કાવ્ય ગોંડલના સભ્ય નં. ૨૪૬ અરવિંદ જૈન તરફથી મળ્યું છે–જે અગાઉ પણ આપણા બાલવિભાગમાં આવી ગયું છેઃ–

**મને ગમે આતમારામ,**
**કરું શાને બીજું કામ;**
**તન-ધનમાં નહીં સુખનું નામ,**
**સુખશાંતિનું હું છું ધામ.**
**જગ જાણે નહીં એનું નામ,**
**ગુરુ બતાવે સુખનું ધામ;**
**જેને સમજાયે આ ભેદ,**
**તેનો થાયે સંસાર છેદ.**

## સૂચનાઃ-

પૂ. ગુરુદેવ સાથેના પ્રવાસ દરમિયાન ગામે ગામે જિજ્ઞાસુ સાધર્મીઓ મળે છે, ‘આત્મધર્મ’ સંબંધી પોતાની પ્રસન્નતા વ્યક્ત કરે છે; અને આનંદથી ગુરુદેવનો લાભ લ્યે છે. તે ઉપરાંત અનેક જિજ્ઞાસુ પાઠકો તરફથી ‘આત્મધર્મ’ ના અંકો ન મળવા સંબંધી મુશ્કેલી પણ રજુ કરવામાં આવે છે,–તો આ સંબંધમાં જણાવવાનું કે રવાનગીની વ્યવસ્થા સંપાદક હસ્તક નથી; માટે વ્યવસ્થા બાબતમાં જે કાંઈ સૂચના કે ફરિયાદ હોય તે ‘મેનેજર, જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ” સોનગઢ ( સૌરાષ્ટ્ર )–ને લખવા વિનંતી છે.

## અમે જિનવરનાં સંતાન: ( બાલવિભાગના નવા સભ્યો )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭૯૫ | રાજેશકુમાર કીર્તીકાન્ત જૈન | મુંબઈ–૯૨ | ૧૮૧૦ | રંજન શાન્તીલાલ જૈન | ચલાલ |
| ૧૭૯૬ | વિરેનકુમાર કીર્તીકાન્ત જૈન | મુંબઈ–૯૨ | ૧૮૧૧ | મધુકાંત શાન્તીલાલ જૈન | ચલાલ |
| ૧૭૯૭ | દિલીપકુમાર કાન્તીલાલ જૈન | અમદાવાદ | ૧૮૧૨ | હંસાબેન શાન્તીલાલ જૈન | ચલાલ |
| ૧૭૯૮ | કમલેશભાઈ નૌતમલાલ જૈન | કલકતા | ૧૮૧૩ | હરષદા શાન્તીલાલ જૈન | ચલાલ |
| ૧૭૯૯ | મીલનકુમાર નૌતમલાલ જૈન | કલકતા | ૧૮૧૪ | વસંતરાય કનૈયાલાલ જૈન | મુંબઈ |
| ૧૮૦૦ | સંજયકુમાર નૌતમલાલ જૈન | કલકતા | ૧૮૧૫ | લીનાદેવી કનૈયાલાલ જૈન | મુંબઈ |
| ૧૮૦૧ | મુકુંદરાય ચુનીલાલ જૈન | સોનગઢ | ૧૮૧૬ | પ્રકાશચંદ કનૈયાલાલ જૈન | મુંબઈ |
| ૧૮૦૨ | અકલંક ચુનીલાલ જૈન | સોનગઢ | ૧૮૧૭ | ભરતદેવ કનૈયાલાલ જૈન | મુંબઈ |
| ૧૮૦૩ | બાબુલાલ વાડીલાલ જૈન | સલાલ | ૧૮૧૮ | ચૈતન્યકુમાર કનૈયાલાલ જૈન | મુંબઈ |
| ૧૮૦૪ | ઈલાબેન બ્રિજલાલ જૈન | પૂના | ૧૮૧૯ | હસમુખલાલ ચંદુલાલ જૈન | નીકોડા |
| ૧૮૦૫ | રીટા રમણીકલાલ જૈન | મુંબઈ–૮૦ | ૧૮૨૦ | શૈલાબેન હીરાલાલ જૈન | મહુવા |
| ૧૮૦૬ | ચેતન રમણીકલાલ જૈન | મુંબઈ–૮૦ | ૧૮૨૧ | ભારતીબેન હીરાલાલ જૈન | મહુવા |
| ૧૮૦૭ | અરવીંદકુમાર ચંદુલાલ જૈન | મોઢુકા | ૧૮૨૨ | અનીલકુમાર હીરાલાલ જૈન | મહુવા |
| ૧૮૦૮ | પ્રવીણચંદ સાકરલાલ જૈન | પ્રાંતીજ | ૧૮૨૩ | મલપંતી વસંતરાય જૈન | મુંબઈ–૭૭ |
| ૧૮૦૯ | અંજના શાન્તીલાલ જૈન | ચલાલ | | | |

## સુરેન્દ્રનગરમાં જૈન પાઠશાળાનું ઉદ્ઘાટન

સુરેન્દ્રનગરમાં સ્વ. ભાઈ શ્રી ચંદુલાલ ફૂલચંદ શાહના સ્મરણનિમિત્તે જૈન પાઠશાળા ચાલુ થયેલ છે, જેનું ઉદ્ઘાટન તા. ૧૪–૨–૬૭ ના રોજ થયું હતું; ને આ પાઠશાળામાટે અગાઉ ફૂલચંદ ચતુરભાઈ તરફથી રૂા. ૫૦૦૧ ) આપેલ તે ઉપરાંત બીજા રૂા. ૫૦૦૧ ) ઉદ્ઘાટનપ્રસંગે આપેલ છે. જૈનપાઠશાળાના વિદ્યાર્થી બંધુઓ આનંદપૂર્વક ધાર્મિક અભ્યાસ કરે ને પાઠશાળા ઉન્નતિ પામે એવી શુભેચ્છા. ગામેગામના જૈનસંઘોએ આનું અનુકરણ કરીને વહેલામાં વહેલી તકે પાઠશાળા ચાલુ કરવી જોઈએ. બાળકોને ધાર્મિક સંસ્કાર આપવા માટે પાઠશાળાની ખૂબ આવશ્યકતાછે.

## જયપુરમાં-

## –∗– સિદ્ધભગવંતોના સ્વાગતરૂપ અપૂર્વ માંગળિક –∗–

**તા. ૬ માર્ચના રોજ પૂ. ગુરુદેવ અનેકવિધ મંગલમહોત્સવ નિમિત્તે જયપુરનગર પધાર્યા, અને મંગળપ્રવચનમાં ‘वंदित्तु सव्वसिद्धे’ ...એ સમયસારની પહેલી ગાથાનો ઉલ્લેખ કરીને કહ્યું કે સિદ્ધભગવંતોને ઓળખીને આત્મામાં તેમને પધરાવવા, તેમનું સ્વાગત કરવું-તે અપૂર્વ-અલૌકિક મંગળ છે.**

કુંદકુંદાચાર્યદેવે પહેલી ગાથામાં સિદ્ધોને નમસ્કારરૂપ મહામાંગળિક કર્યું છે. તેની ટીકામાં અમૃતચંદ્રાચાર્યદેવે अथ प्रथमत એટલે કે સાધકભાવની શરૂઆતમાં સાધ્યરૂપ સિદ્ધોને આત્મામાં ઊતારીને તેમનું સ્વાગત કર્યું છે. સિદ્ધોનું જેણે સ્વાગત કર્યું તેણે શુદ્ધાત્માનો આદર કર્યો, તેને રાગનો આદર રહે નહિ.–આવા ભેદજ્ઞાનરૂપ સાધકભાવ પ્રગટયો તે અપૂર્વ સ્વાગત ને અપૂર્વ માંગળિક છે.

આત્માના પૂર્ણાનંદસ્વરૂપની પ્રાપ્તિ કેમ થાય તેનો ઉપાય આ સમયસારમાં બતાવ્યો છે. જેણે સિદ્ધને ઓળખીને આત્મામાં સ્થાપ્યા તેણે સાધકભાવનું અપૂર્વ મંગળ કર્યું, સાધકભાવની શરૂઆત કરી. સિદ્ધને સાથે રાખીને સાધકભાવની અપ્રતિહત શરૂઆત કરી તેમાં હવે વચ્ચે ભંગ પડે નહિ.

‘मंग’ એટલે આનંદ તેને જે ‘ल’ લાવે–પ્રાપ્ત કરે એવો ભાવ તે મંગલ છે, એટલે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે મંગલ છે. આ ‘મંગલ’ શબ્દનો અસ્તિસૂચક અર્થ છે. અને, ‘मम्’ એટલે પાપ, તેને જે ‘गल’—ગાળે–નષ્ટ કરે તે મંગળ છે;–આ નાસ્તિસૂચક અર્થ છે. જે આનંદરૂપ પવિત્રતાને પમાડે, અને દુઃખરૂપ પાપને–અજ્ઞાનને નષ્ટ કરે એવા સમ્યગ્દર્શનાદિ તે મંગળ છે. લોકો પુત્રપ્રાપ્તિ, વિવાહ વગેરે જેને મંગળ કહે છે તે ખરેખર મંગળ નથી. અહીં તો અનંતા સિદ્ધભગવંતોને આત્મામાં સ્થાપીને, સિદ્ધોના સ્વાગતરૂપ મંગળ કર્યું છે. मैं सिद्धोंका स्वागत करता हूं; છ માસ ને આઠ સમયમાં ૬૦૮ જીવો સિદ્ધ થાય છે–મોક્ષ પામે છે; સિદ્ધનો આવો પ્રવાહ અનાદિથી ચાલ્યો આવે છે;–અનંતા જીવો સિદ્ધ થયા, તે સર્વે સિદ્ધભગવંતોને મારા જ્ઞાનમાં

લઈને હું તેમનું સ્વાગત કરું છું. એક સામાન્ય મહેમાન આંગણે પધારે તોપણ લોકો શોભા–શણગાર ને સ્વચ્છતા કરે છે; અહીં તો સાધક અનંત સિદ્ધ ભગવંતોને આંગણે પધરાવે છે,–તો તેના જ્ઞાનમાં કેટલી સ્વચ્છતા હોય? રાગની મલિનતાનો જ્યાં આદર હોય ત્યાં તે મલિન આંગણામાં સિદ્ધ ભગવંતો ન પધારે; રાગથી ભિન્ન અંતર્મુખ થયેલું જે સ્વસંવેદનરૂપ પવિત્ર જ્ઞાન, તે જ્ઞાનના આંગણાને સમ્યગ્દર્શન વડે શોભાવીને ધર્મીજીવ અનંત સિદ્ધ ભગવંતોને પોતાના આંગણે પધરાવે છે, તેમનું સ્વાગત કરે છે એટલે કે શુદ્ધઆત્માનો જ આદર કરે છે.–આ સાધકદશાનું અપૂર્વ મંગળ છે. સંસાર તે વિકાર છે ને મોક્ષ તે પૂર્ણ શુદ્ધતા છે; એવી શુદ્ધતાને પામેલા સિદ્ધ ભગવંતો સ્વાનુભૂતિરૂપ આનંદની અનુભૂતિથી પ્રકાશમાન છે. તે સિદ્ધ ભગવંતોને હું મારા શાંતિના સ્વયંવરમાં, એટલે કે મુનિદશાના મહોત્સવમાં આમંત્રીને તેમનું સ્વાગત કરું છું એટલે કે હું મારા આત્મામાં વીતરાગી સમભાવરૂપ ચારિત્રદશા પ્રગટ કરું છું–એમ કહીને પ્રવચનસારમાં આચાર્યદેવે અપૂર્વ માંગળિક કર્યું છે.

હે સિદ્ધો, હે પંચ પરમેષ્ઠિ ભગવંતો! શુદ્ધોપયોગી ચારિત્રદશારૂપ જે મોક્ષનો મહોત્સવ–તેમાં આપ પધારો, આપને સાક્ષીરૂપે સાથે લઈને હું મોક્ષને સાધવા નીકળ્યો છું, તેથી મારી મોક્ષપરિણતિમાં વચ્ચે વિઘ્ન આવવાનું નથી.

જે જ્ઞાને અનંત સર્વજ્ઞ–સિદ્ધોને પોતામાં સ્થાપીને તેમનું સ્વાગત કર્યું તે જ્ઞાન રાગથી જુદું પડયું ને આનંદરૂપ થયું. હું સિદ્ધને વંદન કરું છું એટલે તેના જેવા શુદ્ધાત્માનો જ આદર કરું છું ને એનાથી વિરુદ્ધ કોઈ ભાવનો આદર કરતો નથી. હે શ્રોતાઓ! મારા ને તમારા આત્મામાં હું સિદ્ધને સ્થાપું છું: પધારો પ્રભુ પધારો! અમારા જ્ઞાનનું લક્ષ સિદ્ધપદ પ્રાપ્ત કરવા ઉપર છે, વચ્ચે રાગનો કે સંયોગનો આદર નથી; અમારા જ્ઞાનની પરિણતિ હવે સિદ્ધસ્વરૂપ તરફ જ ઢળશે.–આમ સિદ્ધસ્વરૂપને ધ્યેયપણે રાખીને આ સમયસાર હું કહું છું ને તમે પણ એવા જ ધ્યેયે તેનું શ્રવણ કરજો. આ રીતે જે સમયસાર સાંભળે તેનો મોક્ષ થયા વગર રહે નહિ. તેને સમ્યગ્દર્શનાદિ અપૂર્વ સાધકભાવની શરૂઆત થાય છે, તે માંગળિક છે. આ રીતે જયપુરમાં સિદ્ધોના સ્વાગતરૂપ મંગળ કર્યું.

# ગુરુદેવની સાથે સાથે ( પૃષ્ઠ ૨૯ થી ચાલુ )

# જયપુરમાં મહાન ઉત્સવ

## ૧૮ હાથી સહિત ભવ્ય રથયાત્રા દ્વારા નગરીમાં જૈનધર્મનો જયજયકાર

અનેકવિધ ઉત્સવનિમિત્તે ગુરુદેવ જયપુર પધાર્યા. શરૂના દિવસોમાં કરફ્યુ ( હરવા–ફરવાનો પ્રતિબંધ ) હોવા છતાં ગુરુદેવના પ્રવચનો, ભક્તિ, રાત્રિ–સભા વગેરે કાર્યક્રમો શાંતિથી ચાલુ હતા ને હજારો શ્રોતાજનો મંડપમાં લાભ લેતા હતા. આખી નગરી જ્યારે સુમસામ હતી ત્યારે પણ આ મંડપ જિનવાણીના પ્રવચનથી ને ઉત્સવના જયનાદથી ગુંજતો હતો. તા. ૧૦ ના રોજ 'શ્રી મહાવીર દિ. જૈન મહાવિદ્યાલય' ના સભાહોલનું ઉદ્ઘાટન શેઠશ્રી ગોદિકાજીના હસ્તે થયું. આ પ્રસંગે ગુરુદેવ ત્યાં પધાર્યા હતા ને પ્રવચન પણ તે વિદ્યાલયના પ્રાંગણમાં થયું હતું. પ્રવચનમાં ત્રણચાર હજાર માણસો હતા; હજારો માણસો શહેરમાંથી પણ આવ્યા હતા. લગભગ દસેક લાખ રૂા. ના ખર્ચે તૈયાર થઈ રહેલા આ વિશાળ વિદ્યાલયના ફંડમાં શ્રી ગોદિકાજીનો પણ મોટો ફાળો છે. સ્કુલમાં બે હજાર જેટલા બાળકો ભણે છે. પ્રવચનમાં ગુરુદેવે સાચી આત્મવિદ્યાનું સ્વરૂપ સમજાવ્યું હતું; ભેદજ્ઞાનરૂપ આત્મવિદ્યા એ જ સાચી વિદ્યા છે ને તે વિદ્યા વડે જ મુક્તિ પમાય છે. આત્મવિદ્યા એ ભારતની મુખ્ય વિદ્યા છે ને તે વિદ્યાનો પ્રચાર કરવા જેવું છે. તેવી વિદ્યા માટે સન્તોના આશીર્વાદ છે. આ પ્રસંગે ઉપસ્થિત જિજ્ઞાસુઓ તરફથી વિદ્યાલયને હજારો રૂા. નું દાન જાહેર કરવામાં આવ્યું હતું.

તા. ૧૧ માર્ચ : શ્રી ટોડરમલ–સ્મારક–ભવનના ચૈત્યાલયમાં સીમંધર ભગવાનની વેદીપ્રતિષ્ઠાના ઉત્સવની વિધિ આજથી શરૂ થઈ. શાંતિજાપ તથા નાંદીવિધાનપૂર્વક, સવારમાં પ્રતિષ્ઠામંડપમાં જિનેન્દ્રદેવને બિરાજમાન કરીને ગોદિકા પરિવારને હસ્તે જૈન ઝંડારોપણ થયું, ગુરુદેવની ઉપસ્થિતિમાં ધર્મધ્વજ ગગનમાં ફરકી ઊઠયો. તથા

ઇન્દ્રપ્રતિષ્ઠામાં આઠ ઇન્દ્રોની સ્થાપના થઈ, અને આચાર્યઅનુજ્ઞા તરીકે ગુરુદેવના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. પ્રવચન પછી ટોડરમલનગર (કીર્તિમંડપ) થી ઇન્દ્રોનું ભવ્ય જુલુસ નીકળ્યું. પાંચ હાથી સહિત ઇન્દ્રોનું સરઘસ તેમ જ સાથે સાથે જલયાત્રાનું સરઘસ દેખીને સૌને ઘણો ઉલ્લાસ થયો. કેમકે છ દિવસથી જયપુર આવ્યા છતાં ને ઉત્સવ ચાલતો હોવા છતાં શહેરની પરિસ્થિતિ ઘણી તંગ હોવાથી, કરફ્યુને કારણે જાહેર રસ્તા પર કોઈ વિશેષ કાર્યક્રમ હજી સુધી બની શક્યો ન હતો, ન તો શહેરના માણસો ઉત્સવમાં આવી શકતા હતા, કે ન મહેમાનો શહેરમાં હરીફરી શકતા હતા, સુમસામ રસ્તાઓ ઉપર પોલીસો સિવાય બીજું માણસ ભાગ્યે જ દેખાતું, –એવી પરિસ્થિતિ વચ્ચે આજે પાંચ હાથીના ઠાઠમાઠ ને હજારો માણસોના હર્ષનાદ પૂર્વક ભવ્ય જુલુસ નીકળ્યું–તેથી ઘણો આનંદ થયો...ને જયપુર નગરી જાણે જાગૃત બની. શરૂમાં ચોસઠ ઋદ્ધિમંડલ વિધાનપૂજા થઈ, તે આજે અભિષેકપૂર્વક પૂર્ણ થઈ.

ઉત્સવમાં ભાગ લેવા બહારગામથી હજારો માણસો આવ્યા હતા. પંદર હજાર માણસોનો સમાવેશ થઈ શકે એવડો વિશાળ મંડપ ઊભો કરવામાં આવ્યો હતો. બાજુમાં ટોડરમલનગર હતું–જેમાં મહેમાનોને રહેવા માટે અઢીસો જેટલા તંબુ ખડા કરવામાં આવ્યા હતા...તેમાં પાણી–પ્રકાશની સુંદર સગવડ હતી; ભોજનવ્યવસ્થા પણ ત્યાં જ હતી. જાણે ગુરુદેવના પ્રતાપે રેતીના રણ વચ્ચે દૈવી નગરી રચાઈ ગઈ હતી...ગુરુદેવ પ્રવચનમાં સમયસાર–કર્તાકર્મ અધિકાર તથા ઋષભજિનસ્તોત્ર વાંચતા હતા. સાંજે ભક્તિ તથા રાત્રે વિદ્વાનોના ભાષણ કે પંચકલ્યાણકની ફિલ્મનું પ્રદર્શન થતું હતું.

તા. ૧૨ (ફા. સુદ એકમ) : આજ બપોરે યાગમંડલવિધાનપૂજન થયું; તથા પ્રવચન આદર્શનગરમાં થયું હતું. આદર્શનગર એ જયપુરનું એક સુંદર પરું છે; ભારત–પાકિસ્તાનના ભાગલા વખતે મુલતાન છોડીને અહીં આવેલા ઘણા મુલતાની સાધર્મી ભાઈઓ અહીં વસે છે; ને તેમણે એક ભવ્ય જિનાલય બંધાવ્યું છે. જિનાલય માટેની જમીન (જેની કિંમત અત્યારે બે–ત્રણ લાખ રૂા. જેટલી થાય તે) રાજ્ય તરફથી ભેટ આપવામાં આવી હતી. જિનાલયની વેદીમાં મુલતાનથી આવેલા સો જેટલા જિનપ્રતિમા બિરાજે છે. જ્યારે મુલતાન છોડીને જયપુર તરફ આવવું પડયું ત્યારે સાધર્મી ભક્તોને એમ થયું કે બીજો સામાન તો ભલે સાથે આવે કે ન આવે, પણ ભગવાનને કેમ ભૂલાય? એટલે સો જેટલા જિનપ્રતિમાઓ તથા સેંકડો હસ્ત–

લિખિત શાસ્ત્રો પેક કરીને વિમાનમાં સાથે લઈ લીધા. વિમાનમાં વજન જોકે વધી જતું હતું તેથી વિમાની શરૂઆતમાં તો આનાકાની કરતો હતો, પણ પછી તો ક્ષણભરમાં વિમાન જોધપુર કઈ રીતે પહોંચી ગયું–તેનું વિમાનીને પણ આશ્ચર્ય થયું. શરૂમાં આ સેંકડો જિનબિંબો અહીંના બીજા જિનમંદિરમાં મહેમાન તરીકે બિરાજતા હતા, તે હવે આદર્શનગરના મંદિરની વેદીમાં બિરાજી રહ્યા છે. તેમના દર્શન કરતાં, મુલતાનવાસી સાધર્મી ભાઈઓ જ્યારે એ ભગવાનને લઈને અહીં આવ્યા હશે તે વખતની લાગણીનું અને તે પ્રસંગના વાતાવરણનું સ્મરણ થાય છે. આ જયપુરથી પં. ટોડરમલજીએ જે મુલતાનના સાધર્મીભાઈઓ ઉપર સહજાનંદની વૃદ્ધિની ભાવના સહિત અધ્યાત્મસન્દેશ લખ્યો તે મુલતાનના ભાઈઓ આજે જયપુર આવીને વસ્યા ને ટોડરમલજીના દ્વિશતાબ્દિ ઉત્સવમાં ભાગ લેવા લાગ્યા, તથા તેમની વિનંતીથી ગુરુદેવે તેમના આદર્શનગરમાં (ટોડરમલજીની ચિઠ્ઠિ ઉપર) પ્રવચન કર્યું. પ્રવચનમાં પાંચ છ હજાર શ્રોતાજનોની ભીડ હતી ને ધાર્મિક મેળા જેવું વાતાવરણ હતું. ગુરુદેવે સ્વાનુભવનું સ્વરૂપ અને તે વખતના નિર્વિકલ્પ આનંદનો મહિમા સમજાવ્યો હતો. તથા અનુભવની કણિકા જાગ્યે સર્વ ગુણોમાં શુદ્ધતા થવા માંડે છે–તે ખાસ સમજાવ્યું હતું. મુલતાનવાસી ભાઈઓ બહુ પ્રસન્ન થયા હતા. ગુરુદેવની મંગલ છાયામાં જયપુર–સોનગઢ ને મુલતાનના સાધર્મીઓનું સંમેલન જોઈને હૃદયમાં હર્ષ–વાત્સલ્ય જાગતા હતા. અહીંનું મંદિર ભવ્ય અને દર્શનીય છે. આદર્શનગરના મુલતાનવાસી ભાઈઓ તરફથી અધ્યક્ષે ગુરુદેવનો ઉપકાર માનતાં કહ્યું હતું કે આદર્શનગરમાં અધ્યાત્મનો સંદેશ સંભળાવીને આપે અમને સાચા આદર્શજીવનનો માર્ગ દેખાડયો છે, તે માર્ગે ચાલીને અમે સાચો આદર્શ અંગીકાર કરીએ એવી ભાવના છે. પ્રવચન પછી વેદી–કળશ–ધ્વજશુદ્ધિ ઇન્દ્રોદ્વારા તેમજ પૂ. બેનશ્રીબેનના સુહસ્તે થઈ હતી.

રાત્રે કિશનગઢની વીરસંગીતમંડળીના ભાઈઓએ “સીતાજીની અગ્નિપરીક્ષા” સંબંધી એક સુંદર ધાર્મિક નાટક કર્યું હતું. શાસ્ત્રાધારે તૈયાર થયેલ નાટકનું આલેખન તથા સીનસીનેરી અને સાજસજાવટ ઘણા સરસ હતા. સીતાજીનો વનવાસ, વનમાંથી રામચંદ્રજી ઉપર સીતાજીનો ધાર્મિકસન્દેશ, લવકુશનું બાલ્યજીવન, સીતાજીની અગ્નિપરીક્ષા ને કમળની રચના વગેરે વૈરાગ્યભર્યા દ્રશ્યો અને સંવાદો સહિત સાડાચાર કલાક સુધી એકધારું નાટક ચાલ્યું હતું. સીતાજીના જીવનપ્રસંગો જોતાં મુમુક્ષુને જીવનમાં વૈરાગ્ય અને ધૈર્ય તથા ધર્મદ્રઢતાની પ્રેરણાઓ મળતી હતી. નાટકથી પ્રસન્ન

થઈને અનેક જિજ્ઞાસુઓએ મંડળીને રકમોની ભેટ આપી હતી; અને ધર્મસંસ્કારની આવી પ્રવૃત્તિ વિકસાવવા જેવી છે એમ સૌને લાગતું હતું. આ નાટક માટે કિશનગઢની સંગીતમંડળીને તથા તેના કાર્યકરોને ધન્યવાદ!

ફાગણ સુદ બીજ (તા. ૧૩ માર્ચ) આજે ઉત્સવનો મુખ્ય દિવસ હતો. સોનગઢમાં સીમંધરપ્રભુની પ્રતિષ્ઠાનો વાર્ષિક દિવસ આજે હતો, ને જયપુરમાં પણ સીમંધરપ્રભુની પ્રતિષ્ઠા આજે થાય છે. પ્રથમ સવારમાં શહેરના મંદિરમાં કલશ તથા ધ્વજારોહણ થયું. શ્રીમાન પં. ટોડરમલજી આ જિનમંદિરમાં શાસ્ત્રસભા કરતા હતા. આ મંદિર ઉપર કલશ–ધ્વજ લગભગ ૨૦૦ વર્ષથી ચડયા ન હતા, આજે બસો વર્ષે કલશ–ધ્વજ ચડતા હોવાથી સૌને ઘણો હર્ષોલ્લાસ હતો. પૂ. ગુરુદેવ પણ તે પ્રસંગે ઉપસ્થિત હતા. પાંચ–છ હજાર ભક્તોજનોના હર્ષ ને જયજયકાર વચ્ચે મંદિર ઉપર કળશ તથા ધ્વજ શોભી ઊઠયા. આ પ્રસંગે મંદિરજીમાં શાસ્ત્રોની હસ્તલિખિત પ્રતોનું પ્રદર્શન હતું –જેમાં પં. શ્રી ટોડરમલ્લજીની સ્વહસ્તલિખિત મોક્ષમાર્ગપ્રકાશક વગેરે પ્રતો, તેમજ પં. સદાસુખદાસજી, પં. જયચંદજી વગેરે વિદ્વાનોની પણ હસ્તપ્રતો હતી; આ ઉપરાંત સચિત્ર ભક્તામર–સ્તોત્રની પ્રત હતી. મંદિરમાં કલશ અને ધ્વજારોહણ પછી ગુરુદેવનું પ્રવચન પણ ત્યાં જ હતું. પં. શ્રી ટોડરમલ્લજી–લિખિત મોક્ષમાર્ગપ્રકાશકમાંથી, "મોક્ષમાર્ગ એક જ છે, મોક્ષમાર્ગ બે નથી"–એ વિષય ઉપર ગુરુદેવે અદ્ભુત પ્રવચન કરીને સ્વાશ્રિત મોક્ષમાર્ગનું સ્વરૂપ સ્પષ્ટ સમજાવ્યું હતું. શહેરમાં પહેલીવાર પ્રવચન થતું હોવાથી હજારો માણસો પ્રવચન સાંભળવા ઉમટયા હતા, મંદિર તથા આસપાસના ચોક ચિક્કાર ભરાઈ ગયા હતા. દિલ્હીના રાજા ટોયઝવાળા ભાઈશ્રી કૈલાસચંદજી પણ ઉત્સવ પ્રસંગે ગુરુદેવના પરિચયથી ખૂબ પ્રભાવિત થયા હતા.

પ્રવચન પછી તરત ટોડરમલ–સ્મારકભવને આવ્યા. ને શેઠશ્રી પૂરણચંદજી ગોદિકાની વિનંતીથી પૂ. ગુરુદેવે સ્મારકભવનનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે શેઠશ્રી ગોદિકાજીને ઘણો જ ઉલ્લાસ હતો. અજમેરના શેઠશ્રી ભાગચંદજી સોની પણ આવ્યા હતા. હજારો ભક્તોના હર્ષનાદ વચ્ચે ગુરુદેવે ભવનનું ઉદ્ઘાટન કર્યું કે તરત હોલ ચિક્કાર ભરાઈ ગયો હતો; ને પૂ. ગુરુદેવે મંગલ પ્રવચન કર્યું હતું. મંગલ પ્રવચનમાં नमः समयसाराय દ્વારા સ્વાનુભૂતિની ક્રિયાનું સ્વરૂપ સમજાવ્યું હતું. તેમ જ પ્રવચનસાર ગા. ૮૦–૮૧–૮૨ ને યાદ કરીને, તીર્થંકરો કેવા માર્ગે મોહ ક્ષય કરીને

મોક્ષ પામ્યા ને જગતને પણ કેવો માર્ગ ઉપદેશ્યો–તે વાત સમજાવી હતી. તથા મોક્ષમાર્ગ પ્રકાશકમાંથી બે નયોનું સ્વરૂપ, બે નયોના અર્થ સમજવાની રીત, અને યથાર્થ વસ્તુસ્વરૂપ કઈ રીતે સમજવું–તે સંબંધી વિવેચન કર્યું હતું. પ્રવચન પછી શ્રી જિનેન્દ્રભગવાનની ભક્તિ પણ ત્યાં સ્મારકભવનમાં જ થઈ હતી. ત્યારપછી સ્મારકભવનના ચૈત્યાલયમાં ભગવાન સીમંધરપ્રભુની પ્રતિષ્ઠા થઈ હતી. અહા, પ્રભુજીની પ્રતિષ્ઠા પ્રસંગે શેઠ પૂરણચંદજી ગોદિકા અને તેમનો પરિવાર, તથા જયપુરના મુમુક્ષુઓ તેમ જ સૌરાષ્ટ્ર–ગુજરાતના મુમુક્ષુઓ હર્ષોલ્લાસથી નાચી ઊઠયા હતા. ગુરુદેવના સુહસ્તે સીમંધરનાથની પ્રતિષ્ઠા દેખીને શેઠ પૂરણચંદજી તો હાથમાં ચામર લઈને ઉલ્લાસથી નાચી ઊઠયા હતા. પ્રભુજીની પ્રતિષ્ઠા શેઠ ગોદિકાજીએ તથા તેમના સુપુત્રોએ કરી હતી. આ સમસ્ત ઉત્સવનું ખર્ચ, તેમજ સ્મારકભવનનું બધું ખર્ચ શ્રી ગોદિકા પરિવાર તરફથી (–એકલા તરફથી) કરવામાં આવ્યું હતું. તેમની આટલી ઉદારતા તથા આવી નમ્રતા, ધાર્મિક પ્રેમ ને ઉત્સાહ–તે પ્રશંસનીય છે; ગુરુદેવ પણ તેની પ્રશંસા કરતા હતા. અહા, અમારા આંગણે સીમંધરનાથ ભગવાન પધાર્યા–એવા અંતરંગ ઉમંગથી સીમંધરભગવાનની પ્રતિષ્ઠા થઈ. પ્રતિષ્ઠા વખતનો હજારો ભક્તોનો હર્ષોલ્લાસ હૈયામાં સમાતો ન હતો. પ્રભુજીની પ્રતિષ્ઠા પછી કલશ તથા ધ્વજારોહણ થયું, તથા જિનવાણીમાતા સમયસારની પણ સ્થાપના ગુરુદેવના સુહસ્તે થઈ; પછી આ જ દિવસે બપોરે ગોદિકાજીના શહેરના ચૈત્યાલયમાં પણ જિનેન્દ્રભગવાનની પ્રતિષ્ઠા થઈ. બપોરનું પ્રવચન તથા ભક્તિ સ્મારકભવનમાં થયા હતા.

## તે સર્વે જિનેન્દ્રોને તથા જિનવાણીમાતાને નમસ્કાર!

શ્રી પંડિત ટોડરમલજી–સ્મારકભવન ૧૦૫×૬૫ ફૂટનું ઘણું વિશાળ, વચ્ચે થાંભલા વગરનું છે. ભવનની બંને બાજુ ઉપર–નીચે ૩૪ કમરા છે. નીચેના એક કમરામાં સીમંધરસ્વામીનું ચૈત્યાલય છે. આધુનિક સુવિધા સહિત સ્મારકભવન સુશોભિત બન્યું છે, ને દીવાલો ઉપર ઐતિહાસિક ચિત્રો શોભે છે.

પં. શ્રી ટોડરમલજીને બસો વર્ષ પૂર્ણ થતા હોવાથી ટોડરમલજી–દ્વિશતાબ્દિ મહોત્સવ પણ ઉજવવામાં આવ્યો હતો. તે દ્વિશતાબ્દિ મહોત્સવનું ઉદ્ઘાટન પણ આજે રાત્રે થયું હતું.

मंगलमय मंगलकरण वीतरागविज्ञान।

नमों ताहि जातें भये अरहन्तादि महान।।

મોક્ષમાર્ગપ્રકાશકમાં મંગળિકનો આ શ્લોક છે; પં. કૈલાશચંદ્રજીએ તે શ્લોક બોલીને ઉત્સવનું મંગલાચરણ કર્યું. તથા શેઠશ્રી શાંતિપ્રસાદજી સાહુને અધ્યક્ષસ્થાને સ્થાપવામાં આવ્યા. માનનીય પ્રમુખશ્રી નવનીતલાલભાઈ ઝવેરીએ ઉત્સવનું ઉદ્ઘાટન કરતાં પં. શ્રી ટોડરમલજી પ્રત્યે શ્રદ્ધાંજલિ અર્પણ કરી તેમ જ ગુરુદેવ દ્વારા જે મહાન પ્રભાવના થઈ રહી છે તેનો મહિમા પ્રગટ કર્યો. પછી "શ્રી ટોડરમલ–સ્મારિકા" નું પ્રકાશન થયું, ૧૫૦ પૃષ્ઠની સ્મારિકા ઉત્સવ–કમિટિના અધ્યક્ષ શેઠશ્રી પૂરણચંદજી ગોદિકાએ ગુરુદેવને સમર્પણ કરીને તેનું ઉદ્ઘાટન કર્યું હતું. તથા 'ટોડરમલ–ગ્રંથમાળા' ના કેટલાક પુસ્તકોનું પણ પ્રકાશન કરીને તે ગ્રંથમાળાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, ગ્રંથમાળાના પહેલા પુષ્પરૂપે પં. ટોડરમલજીના મોક્ષમાર્ગપ્રકાશકની ૧૧૦૦૦ પ્રત પ્રકાશિત થઈ હતી. તે ઉપરાંત જયપુર (ખાનિયા) તત્ત્વચર્ચાના બે પુસ્તકો તથા 'અધ્યાત્મસન્દેશ'–પં. ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠિ ઉપરના પૂ. ગુરુદેવના પ્રવચનોનું પુસ્તક વગેરે પ્રકાશનો પ્રગટ થયા હતા. ગુરુદેવે મંગલઆશીર્વાદરૂપે 'મંગલમય મંગલકરણ વીતરાગ વિજ્ઞાન'–એ શ્લોકનો અર્થ કરતાં કહ્યું કે વીતરાગી વિજ્ઞાન તે મંગળરૂપે છે, ને તે મંગળનું કારણ છે. ભૂતાર્થસ્વભાવ આત્મા મંગળરૂપ છે, તે રાગ વગરનો છે, તેના આશ્રયે સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન પ્રગટ કરવા તે વીતરાગીવિજ્ઞાન છે, ને તે મંગળરૂપ છે. આચાર્યદેવ સમયસારની પાંચમી ગાથામાં કહે છે કે સ્વસંવેદનરૂપ મારો જે આત્મવૈભવ પ્રગટયો છે તેના વડે હું એકત્વરૂપ શુદ્ધ આત્મા દેખાડું છું, તે તમે તમારા સ્વાનુભવવડે પ્રમાણ કરજો. આવા શુદ્ધઆત્માને વીતરાગ વિજ્ઞાનવડે જાણવો–શ્રદ્ધામાં લેવો તે મંગળમય છે; ને તેને માટે સન્તોના આશીર્વાદ છે. ગુરુદેવનું ભાવભીનું આશીર્વાદઆત્મક પ્રવચન સાંભળીને સૌને ઘણી પ્રસન્નતા થઈ. જયપુર–ઉત્સવમાં ઈન્દોરના પં. શ્રી બંસીધરજી સિદ્ધાંતશાસ્ત્રી, પં. શ્રી નાથુલાલજી, તેમ જ પં. શ્રી કૈલાશચંદ્રજી, પં. શ્રી ફૂલચંદજી, પં. શ્રી જગન્મોહનલાલજી વગેરે અનેક વિદ્વાનો આવ્યા હતા, જયપુરના પં. શ્રી ચૈનસુખદાસજી પણ ઉત્સવમાં ભાગ લેતા હતા; ને દરેક વિદ્વાનોએ ઉત્સવસંબંધી પોતાની પ્રસન્નતા વ્યક્ત કરીને પં. શ્રી ટોડરમલજી પ્રત્યે તથા પૂ. ગુરુદેવ પ્રત્યે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. અધ્યક્ષસ્થાનેથી પ્રવચન કરતાં જૈન સમાજના આગેવાન શ્રીમાન્ સાહુ શાંતિપ્રસાદજી જૈને પણ ટોડરમલજીના જીવન પ્રત્યે અંજલિ આપીને ગુરુદેવ દ્વારા તેમનો જે પ્રચાર ને જૈનધર્મની પ્રભાવના થઈ રહેલ છે તે પ્રત્યે પ્રસન્નતા વ્યક્ત કરીને અભિનંદન તથા શ્રદ્ધાંજલિ આપી હતી. વિશેષમાં, ગુરુદેવના સાન્નિધ્યમાં ભગવાનની પ્રતિષ્ઠાનો તથા સ્મારક–

ભવનના ઉદ્ઘાટનનો આવો ભવ્ય આનંદકારી ઉત્સવ ઉજવાયો તેની ખુશાલીમાં શેઠશ્રી પૂરણચંદજી ગોદિકાએ ટોડરમલ–ગ્રંથમાળામાં રૂા. ૫૧,૧૧૧ ( એકાવન હજાર એકસો અગિયાર ) જાહેર કર્યા હતા. આ ઉપરાંત રૂા. ૫૦૦૧ ) ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરી તરફથી જાહેર કરવામાં આવ્યા હતા. બીજા સેંકડો ભાઈઓએ ગ્રંથમાળાના ફંડમાં રકમો જાહેર કરી હતી. અગાઉ ૪૦,૦૦૦ જેટલી રકમનું ફંડ થયું હતું આમ કુલ સવા લાખ રૂા. ઉપરાંત ફંડ થઈ ગયું હતું. આ સિવાય ઉત્સવ દરમિયાન હાથી વગેરેની અનેકવિધ ઉછામણીઓમાં જે આવક થઈ તે બધી પણ ગ્રંથમાળાના ફંડમાં લેવાનું જાહેર થયું હતું –આમ સાહિત્યપ્રચાર માટેની એક મહાન ભૂમિકા રચાઈ હતી; ને ભવિષ્યમાં સાહિત્યક્ષેત્રે આ ગ્રંથમાળા ઘણું મોટું કામ કરશે–એવી આશા છે.

ફાગણ સુદ ત્રીજના દિવસે દ્વિશતાબ્ધિ–ઉત્સવનો કાર્યક્રમ ચાલુ રહ્યો હતો. બપોરે શાંતિયજ્ઞ થયો હતો; પૂ. ગુરુદેવ આજે ખાનિયાજીના જિનમંદિરોમાં દર્શન કરવા ગયા હતા. પહાડી ઉપર જવાનો મોટરરસ્તો ઘણો વિકટ હતો. ચાલીને જવાનો રસ્તો સુગમ છે. નીચે બે જિનમંદિરો છે, તથા પહાડ ઉપર પણ મંદિર છે. રાત્રે હિંમતનગરના પ્રતિષ્ઠા–મહોત્સવની ફિલ્મનું પ્રદર્શન તેમજ વિદ્વાનોના ભાષણ થયા હતા. ફિલ્મમાં હેલિકોપ્ટરદ્વારા જિનમંદિર ઉપર પુષ્પવૃષ્ટિ વગેરે દ્રશ્યો જોતાં જનતા હર્ષિત થતી હતી.

ફાગણ સુદ ચોથ ( તા. ૧૪ ) સવારે પ્રવચનાદિ કાર્યક્રમો થયા હતા, બપોરે પૂ. ગુરુદેવ અને અનેક યાત્રિકો પદ્મપુરા ક્ષેત્રે જિનમંદિરમાં દર્શન કરવા ગયા હતા. અહીં જમીનમાંથી મૂલચંદ નામના એક બાળકને ૨૦ વર્ષ પહેલાં મળેલા પદ્મપ્રભુના પ્રતિમાજીને પધરાવીને એક વિશાળ ઉન્નત મંદિર બંધાઈ રહ્યું છે, જેમાં પચીસ લાખ જેટલા ખર્ચનો અંદાજ છે. આ મંદિરમાં અનેકવિધ કારીગરી તેમજ ઉન્નત ઘૂમ્મટ છે. આરસના ઘૂમટની ઊંચાઈ ૮૫ ફૂટ જેટલી છે ને તેના ઉપર શિખર થશે ત્યારે સવાસો ફૂટ ઊંચાઈ થશે.

વચ્ચે સાંગાનેરમાં દશેક પ્રાચીન જિનમંદિરો છે, તેના પણ દર્શન યાત્રિકોએ કર્યા. ઠેર ઠેર જિનેન્દ્રવૈભવના દર્શનથી યાત્રિકને આનંદ થાય છે, ને આપણા જૈનધર્મનું પ્રાચીન ગૌરવ જોઈને હર્ષ થાય છે. જયપુરમાં પણ ઠેરઠેર સુંદર જિનમંદિરો છે–અનેક પ્રાચિન જિનાલયોના વૈભવથી આ જૈનપુરી–જયપુરનું ભવ્ય ગૌરવ છે, જોકે

સુંદરતાની દ્રષ્ટિએ તો આ નગરી ભારતમાં ને વિદેશોમાં પ્રસિદ્ધ છે જ, પરંતુ ધાર્મિક દ્રષ્ટિએ જૈનોના વૈભવસંપન્ન મંદિરોએ અને અહીંના મહાન ટોડરમલજી જેવા અનેક વિદ્વાનોએ આ નગરીને ગૌરવભરેલી પ્રસિદ્ધિ આપી છે. કરફ્યુના કારણે હરવાફરવાનો જે પ્રતિબંધ હતો તે દૂર થવાને લીધે હવે સેંકડો–હજારો યાત્રિકો આનંદપૂર્વક નગરીમાં જઈને જિનમંદિરોનાં દર્શન કરતા હતા.

ફાગણ સુદ ૪ ની રાત્રે શ્રી મહાવીર દિ. જૈન વિદ્યાલયના બાળક–બાલિકાઓએ સુંદર ધાર્મિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. આ કાર્યક્રમ ઘણો જ ભાવપૂર્ણ અને કલાત્મક હતો. તેમાં પણ નાના બાળકોદ્વારા પં. શ્રી ટોડરમલજીના જીવનપ્રસંગો ઉપર જે અભિનય થયો, અને પં. ટોડરમલજીનું પાત્ર ભજવનાર બાળકે જે સુંદર ભાવભીનો અભિનય કર્યો–તે દેખીને ગુરુદેવને તેમજ હજારો દર્શકોને ખૂબ પ્રસન્નતા થઈ હતી. ટોડરમલજીનું આ નાટક લખનારને, તેનું દિગ્દર્શન કરનારને તથા સફળતાપૂર્વક તે ભજવનારને ધન્યવાદ ઘટે છે. આ કાર્યક્રમથી પ્રસન્ન થઈને ઘણા જિજ્ઞાસુઓએ પુરસ્કારરૂપે રકમો જાહેર કરી હતી.

ફાગણ સુદ પાંચમ–આજે જયપુરમાં ઉત્સવનો છેલ્લો દિવસ; આજનું પ્રવચન શહેરમાં મહાવીર પાર્કમાં (મનિહારોંકા રાસ્તામાં) રાખવામાં આવ્યું હતું. આ લત્તો જૈનોની ખાસ વસ્તીથી ભરચક છે અને ચોકની આસપાસમાં જ પચીસ જેટલા ભવ્ય જિનાલયો છે. તદ્દન નજીક નજીકમાં આવા ભવ્ય જિનાલયો દેખીને આશ્ચર્ય થાય છે કે આ નગરીમાં જૈનોની જાહોજલાલી કેટલી મહાન હશે!–એટલે જ ઘણા લોકો આને જૈનપુરી કહે છે. શહેરમાં પ્રવચન હોવાથી નગરજનો પણ ઘણી મોટી સંખ્યામાં આવ્યા હતા ને અનેક વિદ્વાનો સહિત દશેક હજાર જેટલી સંખ્યા થઈ હતી. પ્રવચન પછી જયપુરના ઈતિહાસમાં અભૂતપૂર્વ એવી જિનેન્દ્રભગવાનની ભવ્યવિશાળ રથયાત્રા નીકળી હતી. રથયાત્રાની મહાનતાનો એટલા ઉપરથી જ ખ્યાલ આવી જશે કે શ્રી જિનેન્દ્રભગવાનના રથના સારથિ તરીકે કહાનગુરુ બેઠા હતા, અને રથની આગળ ૧૮ અઢાર સુસજ્જિત હાથી ઉપર ધર્મધ્વજ ફરકાવતા ઇન્દ્રો બેઠા હતા. ૧૮ હાથી ઉપરાંત સુસજ્જિત ૧૧ ઊંટ, ઘોડેસ્વારો, ત્રણ રથ, બાહુબલી પ્રભુના તથા ટોડરમલજીના મોટા ચિત્રો સહિત શણગારેલી જીપગાડી, અનેક બેન્ડવાજાં, ભજનમંડળીઓ વગેરે ઠાઠમાઠસહિત અને વીસ–પચીસ હજારના જનસમુદાય સહિત જ્યારે ભવ્ય રથયાત્રા જયપુર નગરીના ત્રિપોલિયા બજાર અને ઝવેરી બજાર જેવા

મુખ્ય રસ્તાઓ ઉપરથી પસાર થતી ત્યારે લાખો નગરજનો આશ્ચર્યથી નીહાળી રહેતા હતા. દશ દશ દિવસનો ઉત્સવનો ઉલ્લાસ આજે જાણે ભેગો થઈને એકસામટો પ્રસિદ્ધ થયો હતો. કરફયુના કારણે આઠ દિવસથી સુમસામ દેખાતી નગરીમાં પચીસ હજાર માણસોનું ઉલ્લાસભર્યું ઠાઠમાઠ સહિતનું આવું જાુલુસ દેખીને, જૈનધર્મનો આવો મહાન પ્રભાવ દેખીને, અત્યંત હર્ષોલ્લાસ થતો હતો કે વાહ! કહાન ગુરુનો પ્રભાવ...ભારતમાં અજોડ છે. નગરીમાં આવેલા પરદેશી પ્રવાસીઓ પણ આ પ્રભાવશાળી રથયાત્રા દેખીને મુગ્ધ બની જતા હતા. રથયાત્રા અઢી કલાક સુધી નગરીમાં ફરી હતી. રાજસ્થાની, ગુજરાતી ને મુલતાની–બધા ભક્તોની ભજનમંડળી અત્યંત ઉલ્લાસપૂર્વક ભક્તિ કરતી હતી, ને ઘણા ભક્તો આનંદથી નાચી ઊઠયા હતા, સૌ કહેતા–આવી ભવ્ય રથયાત્રા કદી જોઈ નથી. ગુરુદેવના પ્રવચનો સાંભળીને પંડિતો મુગ્ધ બનતા, ને રથયાત્રા દેખીને પં. ચૈનસુખદાસજી કહેતા હતા કે આ ધર્મપ્રભાવનાનો મહાન પ્રવાહ કાનજીસ્વામી દ્વારા ચાલ્યો છે તે કોઈથી રોકી શકાય તેમ નથી. રથયાત્રા જ્યારે ઝવેરી બજારમાં આવી ત્યારે તો નગરીના રસ્તાઓ ઉભરાઈ ગયા હતા, રસ્તાઓ જ નહીં પરંતુ મકાનોની મોટી અગાશીઓ ને અટારીઓ પણ હજારો માણસોની ભીડથી ઉભરાતા હતા. દશ દિવસથી કરફયુના પ્રતિબંધમાં બંધાયેલી નગરી આજે જાણે મુક્તિનો આનંદ માણી રહી હતી, સૌ કહેતા કે દશે દિવસનું સાટું આ એક રથયાત્રામાં વાળી લીધું. શ્રી ગોદિકાજી આજે ખૂબ જ પ્રસન્ન હતા ને હાથી ઉપર ધર્મધ્વજ ફરકાવતા હતા. ગુરુદેવ પણ બે કલાક સુધી ભક્તિભાવપૂર્વક ભગવાનના સારથિ તરીકે રથમાં બેઠા હતા ને ભક્તો આનંદપૂર્વક પ્રભુજીનો રથ હાથોહાથ ચલાવતા હતા. રથયાત્રાનું વિશેષ વર્ણન કેટલું લખાય ? કેમકે–

**કલ્યાણકાળ પ્રત્યક્ષ પ્રભુકો લખેં જે સુરનર ઘનેં,**
**તિહ સમયકી આનંદ મહિમા કહત ક્યોં મુખસોં બને ?**

રથયાત્રાનું સરઘસ નગરીમાં ફરીને રામલીલા મેદાનમાં સમાપ્ત થયું. મેદાનમાં જેવો પ્રભુશ્રીનો રથ પ્રવેશ્યો કે તરત એકસાથે ૧૮ હાથીઓએ સૂંઢ ઊંચી કરીને સલામી આપી, ઊંટોએ પોતાની સુસજ્જિત ડોક એના કરતાં પણ વધું ઊંચી કરીને સલામી આપી, વાજાં એનાથી પણ વધુ અવાજે ગાજી ઊઠયા, ને હજારો ભક્તોના હર્ષનાદે આનંદસન્દેશ આકાશમાં પહોંચાડી દીધો. બરાબર એ જ વખતે કુદરત પણ

જાણે આ આનંદોત્સવમાં અમીવૃષ્ટિ કરીને સાથ પુરાવતી હોય તેમ આકાશમાંથી ઝરમર ઝરમર છાંટણાં પડવા લાગ્યા. કુદરતના વાતાવરણનો આવો આશ્ચર્યકારી મેળ જોઈને સૌને વિશેષ આનંદ થયો...ને જિનેન્દ્રદેવના તથા કહાનગુરુના જયજયકારવડે જયપુરનગરી ગુંજી ઊઠી.

બોલીયે શ્રી જિનેન્દ્રભગવાનકી જય હો.

બોલીયે શ્રી કહાનગુરુદેવકી જય હો.

બોલીયે મહાપ્રતાપી જૈનધર્મકી જય હો.

કહાનગુરુના પ્રતાપે જૈનધર્મની જાહોજલાલી જયપુરમાં આજે ફરીથી ખીલી ઊઠી. આખી નગરીમાં આજે રથયાત્રાના પ્રભાવની જ ચર્ચા ચાલતી હતી. આમ ઘણા મહાન હર્ષોલ્લાસપૂર્વક મંગલઉત્સવ પૂર્ણ થયો. જયપુરના આંગણે આવો મહાન ઉત્સવ ઉજવવા માટે ધર્મપ્રેમી ઉદાર અને નમ્ર શ્રીમાન શેઠશ્રી પૂરણચંદજી ગોદિકાજીને શતશઃ ધન્યવાદ! તેમને માટે એ ગૌરવની વાત છે કે શ્રીમાન પં. ટોડરમલજી તેમના ગોદિકા પરિવારમાં જ થયા હતા.

બપોરનું પ્રવચન પં. ટોડરમલજી-સ્મારકભવનમાં થયું હતું અને પછી પૂ. બેનશ્રી-બેને ભક્તિ કરાવી હતી; ત્યારબાદ શ્રી જિનેન્દ્રદેવનો અભિષેક શ્રી ગોદિકાજી વગેરે એ કર્યો હતો; ને ઉત્સવની ખુશાલીમાં તેઓ પ્રભુજી સન્મુખ ખૂબ આનંદથી નાચી ઊઠયા હતા. પછી ગોદિકાજીએ પૂ. ગુરુદેવના સુહસ્તે ચંદ્રપ્રભ જિનેન્દ્રદેવના પ્રતિમાજીને મંડપમાંથી વેદી ઉપર બિરાજમાન કરાવ્યા હતા.

રાત્રે શેઠશ્રી પૂરણચંદજીને સમસ્ત જૈનસમાજ તરફથી અભિનંદનપત્ર સમર્પણ કરવામાં આવ્યું હતું; તે અભિનંદન-સમારોહ પ્રસંગે અધ્યક્ષસ્થાનેથી ભાષણ કરતાં પં. શ્રી ચૈનસુખદાસજીએ કહ્યું કે સ્વામીજી દ્વારા મહાન પવિત્ર નદીનો પ્રવાહ વહી રહ્યો છે. તેમના દ્વારા જે ધર્મપ્રભાવના થઈ રહી છે તે રોકાવાની નથી; તેમાં સ્નાન કરનારા જીવો પવિત્ર થઈ જશે. સ્વામીજી દ્વારા વાસ્તવિક જૈનધર્મની હજી પણ વિશેષ પ્રભાવના થઈને ફરીને ભગવાન મહાવીર જેવો સમય આવી જાય! -જૈનધર્મનું વાસ્તવિક સ્વરૂપ તેઓ જગત સામે રાખે છે. પૂર્વ-આચાર્યોએ જે વાત કરી તે જ સ્વામીજીની વાણીમાં આવે છે. -આ રીતે પં. ચૈનસુખદાસજીએ ગુરુદેવ પ્રત્યે હૃદયના સુંદર ભાવો વ્યક્ત કર્યા હતા. આ ઉપરાંત પં. શ્રી બંસીધરજીએ પણ ભાવભીની

ગદગદ શૈલિથી ગુરુદેવનો ખૂબ મહિમા પ્રસિદ્ધ કર્યો હતો. પં. કૈલાશચંદજી વગેરે વિદ્વાનોએ પણ ગુરુદેવના પ્રભાવનો મહિમા બતાવ્યો હતો. તથા શહેરમાં કરફ્યુ (હરવા–ફરવાનો પ્રતિબંધ) જેવી વિકટ પરિસ્થિતિ વખતે પણ હજારો માણસોથી મંડપ ઊભરાતો ને શાંતિપૂર્વક મહોત્સવ ઉજવાયો–તે આ લોકોત્તર મહાન પુરુષનો જ પ્રભાવ છે. આવા મહાન પુરુષ જ્યાં બિરાજતા હોય ત્યાં કોઈ ઉપદ્રવ નડી શકે જ નહિ–વગેરે ઘણા પ્રકારે મહિમા કર્યો હતો. ને ગુજરાતના જૈનબંધુઓના પ્રેમ વગેરેની પ્રશંસા કરી હતી.

સભાના અધ્યક્ષ શ્રી પં. ચૈનસુખદાસજીએ જયપુર–જૈનસમાજ તરફથી શેઠશ્રી ગોદિકાજીને અભિનંદનપત્ર અર્પણ કરતાં તેમના ધર્મપ્રેમની, સાહિત્ય પ્રચાર માટેની ધગશની, ઉદારતા–નમ્રતા વગેરે ગુણોની યોગ્ય પ્રશંસા કરી હતી. એક જ વ્યક્તિ દ્વારા આવડા મહાન ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હોય એવું ભાગ્યે જ બનતું હશે. અભિનંદનપત્રનો ટૂંકો જવાબ આપતાં શેઠશ્રી ગોદિકાજીએ કહ્યું કે–હું તો સેવક છું; અભિનંદનનો ખરો અધિકારી હું નથી પરંતુ જેમના પ્રતાપે આ ઉત્સવ ઉજવાયો તે પૂ. શ્રી કહાનગુરુદેવ જ અભિનંદનના ખરા અધિકારી છે; તેથી હું તેઓશ્રીનું અભિનંદન કરું છું; મારા ઉપર તેમનો મહાન ઉપકાર છે. ઉત્સવની પૂર્ણતામાં મંગલ આશીર્વાદરૂપે ગુરુદેવે શુદ્ધાત્માના સ્વાનુભવની સુંદર વાત સંભળાવીને કહ્યું હતું કે આવો સ્વાનુભવ કરવો તે મંગળ છે.

卐 जय जिनेन्द्र 卐

આ પ્રમાણે જયપુર નગરીમાં અત્યંત પ્રભાવશાળી ઉત્સવ ઉજવાયો...તે સર્વ ભવ્ય જીવોનું કલ્યાણ કરો.

(જયપુર, તા. ૧૬–૩–૬૭, રાત્રે અઢી વાગે: બ્ર. હરિલાલ જૈન)

*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*-*

ફાગણ સુદ છઠ્ઠ તા. ૧૭ માર્ચના રોજ સવારમાં ભગવાન સીમંધરનાથના દર્શન કરીને આનંદોલ્લાસપૂર્વક ગુરુદેવે સમ્મેદશિખરજી તીર્થ તરફ પ્રસ્થાન કર્યું...સાથે ૪૦૦ જેટલા યાત્રિકોના સંઘે પણ પ્રસ્થાન કર્યું. –પહેલો મુકામ 'મહાવીરજી' માં થયો.

# -: યાત્રાનો કાર્યક્રમ:-

જયપુરથી મહાવીરજી, બયાના, (રાત્રે આગ્રા, ફિરોજાબાદ થઈને) ઈટાવા, કાનપુર, અલ્લાહાબાદ, બનારસ, ડાલમિયાનગર અને શિરઘાટ થઈને તા. ૨૪ ની સવારે શિખરજી–મધુવનમાં પહોંચશે. ને તા. ૨૯ સુધી ત્યાં બિરાજશે. તીર્થની મંગલયાત્રા ગુરુદેવ સાથે અષ્ટાહ્નિકાપર્વના અંતિમ દિવસે ફાગણ સુદ પૂર્ણિમા તા. ૨૬ ના રોજ થશે. (અગાઉ યાત્રાની તારીખ પચીસમી જાહેર થયેલ, તેને બદલે તા. છવીસમી રાખવામાં આવી છે.)

શિખરજીની યાત્રા પછી પાવાપુરી વગેરેની યાત્રા તેમજ કલકત્તા (ચાર દિવસ), રાંચી (બે દિવસ) બીજા ગામો થઈ દિલ્હી (ચાર દિવસ)–વગેરે કાર્યક્રમો નક્કી કરવામાં આવ્યા છે.

**જયપુર-ઉત્સવના ખાસ ચિત્રો આત્મધર્મના આવતા અંકમાં શક્ય હશે તો પ્રસિદ્ધ કરીશું.**

卐 卐 卐

वीतरागी मोक्षमार्गकी ललकार करते हुए सन्त कहते है कि अरे, रागको धर्म माननेवाले कायरो! तुम चैतन्यके वीतरागमार्गमें चल नहीं सकोगे। स्वाधीन चैतन्यका तुम्हारा पुरुषार्थ कहां चला गया? यदि तुम धर्म करना चाहते हो तो चैतन्यशक्ति की वीरता तुम्हारेमें प्रगट करो। इस वीतरागी वीरताके द्वारा ही मोक्षमार्ग सधेगा।

वीतरागी सन्तोंकी ऐसी ललकार सुनके कौन नहीं जागेगा?

# આત્માને સાધવાની રીત

દર્શન-જ્ઞાન-ચારિત્રવડે આત્માની આરાધનાથી જ સિદ્ધિ થાય છે, એ સિવાય બીજી રીતે સિદ્ધિ થતી નથી, માટે દર્શન-જ્ઞાન-ચારિત્રવડે આત્માની ઉપાસના કરવી-એ મોક્ષાર્થી જીવનું પ્રયોજન છે. ચૈતન્યની પ્રાપ્તિ કરવી-એ જ જેનો મંગલ અભિપ્રાય છે, એવો મોક્ષાર્થી જીવ મુક્તિને માટે પ્રથમ તો જ્ઞાનસ્વરૂપ આત્માની ઓળખાણ કરીને તેની શ્રદ્ધા કરે છે. આ ચૈતન્યસ્વરૂપ આત્મા જ હું છું, ને તેના સેવનથી પૂર્ણ સુખરૂપ મોક્ષની પ્રાપ્તિ થશે. આવી નિઃશંકશ્રદ્ધાપૂર્વક તેમાં લીનતા થઈ શકે છે. મોક્ષના ભણકારા વગાડતો જે શિષ્ય આવ્યો છે તે મંગલઅભિપ્રાયવાળો શિષ્ય સર્વ પ્રકારે પ્રયત્નવડે આત્માને જાણે છે, શ્રદ્ધા કરે છે ને પછી તેમાં ઠરવાનો ઉદ્યમ કરે છે. તેને છૂટકારાની જ વાત ગમે છે. શ્રવણમાં, મનનમાં, શાસ્ત્રના પઠનમાં સર્વત્ર તે છૂટકારાની જ વાત શોધે છે. પહેલી વાત એ છે કે આત્માને જાણવો. જ્યાં વાસ્તવિક જ્ઞાન કર્યું ત્યાં "આવો આત્મા હું"-એવી નિઃશંક શ્રદ્ધા પણ થઈ. આવા શ્રદ્ધા-જ્ઞાન કરનારને રાગનો અભિપ્રાય નથી, સંસારનો અભિપ્રાય નથી, એકમાત્ર ચૈતન્યની પ્રાપ્તિનો જ મંગલ અભિપ્રાય છે, બંધનથી છૂટકારાનો જ અભિપ્રાય છે. જેમ ધનની પ્રાપ્તિનો અભિલાષી રાજાને ઓળખીને અને શ્રદ્ધા કરીને ઘણા ઉદ્યમપૂર્વક તેનું સેવન કરીને તેને રીઝવે છે, વિનયથી-ભક્તિથી-જ્ઞાનથી સર્વ પ્રકારે સેવા કરીને રાજાને રીઝવીને પ્રસન્ન કરે છે તેમ મોક્ષાર્થીજીવ અંતર્મુખ પ્રયત્નવડે પ્રથમ તો આત્માને જાણે છે, અને શ્રદ્ધા કરે છે; જ્ઞાનવડે જે આત્માની અનુભૂતિ થઈ તે અનુભૂતિ જ હું છું-એમ આત્મજ્ઞાનપૂર્વક પ્રતીતિ કરે છે, અને પછી તે આત્મસ્વરૂપમાં જ લીન થઈને આત્માને સાધે છે.-આત્માને સાધવાની આ રીત છે.

('સમ્યગ્દર્શન' માંથી)

# વૈરાગ્ય સમાચાર

* તા. ૫–૨–૬૭ ની રાત્રે ઉમરાળાના ભાઈશ્રી અભેચંદ રામજીના ધર્મપત્ની શ્રી શાંતાબેન ભાવનગર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* વાંકાનેરના ભાઈશ્રી લાલચંદ સુંદરજીના ધર્મપત્ની શ્રી વ્રજકુંવરબેન પોષ વદ બીજના રોજ ૬૯ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા છે. ગુરુદેવ પ્રત્યે તેમને ઘણો ભક્તિભાવ હતો, અને વાંકાનેરમાં પૂજનાદિ કાર્યોમાં ઉત્સાહથી ભાગ લેતા હતા.

* તા. ૨૯–૧–૬૭ ના રોજ રાણપુરના ભાઈશ્રી રાયચંદ જીવરાજ ખંધાર સાંતાક્રુઝ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. રાણપુર જિનમંદિરના કાર્યોમાં તેમણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઘણા વર્ષોથી તેઓ ગુરુદેવના પરિચયમાં હતા.

* વાસણાવાળા બેન નંદુબેન કેશવલાલ પોષ વદ ૧૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને ગુરુદેવ પ્રત્યે ભક્તિભાવ હતો, તેમ જ સોનગઢસાહિત્યનો પણ અભ્યાસ હતો.

* તા. ૧૯–૨–૬૭ ના રોજ હિંમતનગરમાં જ્યારે પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઈ રહ્યો હતો તેમાં ભાગ લેવા ઈન્દોરના શેઠશ્રી રતનલાલ કસ્તુરચંદ ( ઉ. વ. ૫૮ ) તથા રૂપચંદ પૃથ્વીચંદ ( ઉ. વ. ૬૦ ) પણ હિંમતનગર આવેલા; તા. ૧૯ ના રોજ હિંમતનગરથી વીસેક માઈલ દૂર ઈડરના દર્શન કરીને, પ્રવચનમાં તથા ભગવાનના આહારદાનમાં પહોંચી જવાની આશાથી જીપ ગાડીમાં ઝડપભેર હિંમતનગર તરફ આવી રહ્યા હતા; પાંચેક માઈલ દૂર હતા ત્યાં તો સામેથી આવી રહેલા એક મોટા ટ્રક ખટારા સાથેની અથડામણથી જીવલેણ અકસ્માત સર્જાઈ ગયો ને તે બંને ભાઈઓ ત્યાં જ સ્વર્ગવાસ પામી ગયા. આ અકસ્માતના વૈરાગ્ય–સમાચાર સાંભળતાં હજારો માણસો સ્તબ્ધ બની ગયા; ને બપોરે પ્રવચનને બદલે શાંતિજાપપૂર્વક ગુરુદેવે અનિત્યભાવના વાંચી હતી. સ્વર્ગસ્થ બંને ભાઈઓ ઈન્દોરના પ્રતિષ્ઠિત વેપારીઓ હતા ને ગુરુદેવના સમાગમમાં સોનગઢ આવીને વારંવાર લાભ લેતા હતા; ઈન્દોર મુમુક્ષુમંડળમાં પણ તેઓ અગ્રીમ કાર્યકરો હતા. ઈન્દોરમાં પણ આ સમાચારથી કરુણતાની સનસનાટી છવાઈ ગઈ હતી. બંને ભાઈઓ ધાર્મિકભાવના સાથે લઈને ગયા છે અને તેમાં આગળ વધીને તેઓ આત્મહિત સાધે–એમ ઈચ્છીએ છીએ. જીવનની આવી ક્ષણભંગુરતાના ઉદાહરણથી બીજા જિજ્ઞાસુઓએ હરક્ષણે જીવનમાં જાગૃત રહેવા જેવું છે.

* ફાગણ સુદ ૧, તા. ૧૨–૩–૬૭ ના રોજ જામનગરમાં ભાઈશ્રી ખેતશીભાઈ પોપટભાઈના સુપુત્ર શ્રી ભગવાનજીભાઈનું હાર્ટફેઈલથી અવસાન થયું છે. જિનશાસનના શરણે તેઓ આત્મહિત સાધે એમ ઈચ્છીએ છીએ.

રાજકોટમાં-

# જૈન વિદ્યાર્થીઓનો શિક્ષણ વર્ગ

ઉનાળાની રજાઓ દરમ્યાન જૈન-વિદ્યાર્થીઓ માટે દર વર્ષે સોનગઢમાં ધાર્મિક શિક્ષણ વર્ગ ચાલે છે. જેમાં સેંકડો વિદ્યાર્થીઓ ધર્મ-સંસ્કારનો લાભ લ્યે છે.

આ વખતે વૈશાખ સુદ ૩ ના રોજ પૂ. ગુરુદેવ રાજકોટ પધારવાના હોવાથી શિક્ષણ વર્ગ પણ ત્યાં જ પૂ. ગુરુદેવની છત્રછાયામાં ચાલશે. આવો ધાર્મિક શિક્ષણ વર્ગ રાજકોટમાં ચાલવાનો આ પ્રથમ જ પ્રસંગ હોવાથી રાજકોટસંઘને ઘણો ઉત્સાહ છે.

શિક્ષણ વર્ગ તા. ૧૩-૫-૬૭ ને શનિવાર-વૈશાખ સુદી ચોથથી શરૂ થશે અને તા. ૧-૬-૬૭ ને ગુરુવાર-વૈશાખ વદ ૯ સુધી ૨૦ દિવસ ચાલશે. તો રાજકોટનાં આંગણે આ શિક્ષણ વર્ગમાં લાભ લેવા માટે જૈનવિદ્યાર્થી ભાઈઓને આમંત્રણ છે.

રહેવા તથા જમવાની વ્યવસ્થા રાજકોટસંઘ તરફથી કરવામાં આવશે. આ વર્ગ માત્ર પુરુષવર્ગના જૈનો માટે જ છે.

આ ઉપરાંત રાજકોટના સમવસરણની અને માનસ્તંભની પ્રતિષ્ઠાનો વાર્ષિક-ઉત્સવ પણ વૈશાખ સુદ ૧૧ ના રોજ પૂ. ગુરુદેવની છત્રછાયામાં ઉજવાશે. તો સૌને પધારવા વિનંતી છે.

લિ.

**રાજકોટ દિગંબર જૈન સંઘ**

ઠે. પંચનાથ પ્લોટ, રાજકોટ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને મુદ્રકઃ
મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર )